Love is spelled T-I-M-E

+વાઇબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આપણા સંતાનો માટે આપણે જ સર્વસ્વ હોઈએ છીએ. ઘણા વાલીઓનો એવું હોય છે કે સંતાનોને રમકડાં, વીડિયો ગેઇમ અથવા પોકેટમની આપી દીધાં એટલે બસ, પણ આ ઉપકરણો પૂરતાં નથી એને પ્રેમની જરૂર છે

એક વખત એક વૃદ્ધ દાદા કબાટમાં એક જૂનો ફોટો શોધતા હતા. એક પછી એક ફોટો આલબમ જોતાં જોતાં એમના હાથમાં એમના દીકરા જિમ્મીની ડાયરી આવી. તેઓ ઉત્સાહભેર આ રોજનીશીનાં પાનાં વાંચવા લાગ્યા. જેમજેમ તેઓ પાનાં ફેરવતા ગયા તેમ તેમ તેઓ વધુ ને વધુ ભાવાર્દ્ર થતા ગયા. અચાનક જ એમને યાદ આવ્યું કે આ દિવસોની રોજનીશી તો એમણે પણ લખી છે. માટે તેઓએ પોતાની ડાયરી ખોળી કાઢી. પછી તેઓએ પોતાની ડાયરીનાં અને દીકરા જિમ્મીની ડાયરીનાં પાનાં સમાંતર એક એક તારીખનાં વાંચવાનાં શરૂ કર્યાં. એમાં એમની ડાયરીમાં વાંચવામાં આવ્યું કે, 'Wasted whole day fishing with jimmy. Din't catch a thing. અર્થાત્ જિમ્મી સાથે માછલી પકડવામાં આખો દિવસ બગડી ગયો.'

એમને જિજ્ઞાશા જાગી કે દીકરા જિમ્મીએ આજના દિવસે શું લખ્યું હશે? તેઓએ એ ૪થી જુલાઈનો દિવસ દીકરાની જર્નલમાં કાઢ્યો. એમાં લખ્યું હતું કે, 'went fishing with my Dad. Best day of my life. અર્થાત્ પપ્પા સાથે માછલી પકડવા ગયો એ મારા જીવનનો શ્રેષ્ઠ દિવસ હતો.'

'To a child, Love is spelled T-I-M-E' નામના પુસ્તકમાં નોંધાયેલો આ પ્રસંગ ખરેખર આપણા સૌની આંખો ખોલી નાંખે એવો છે. આપણા માટે અન્યને સમય આપવો બહુ અગત્યનો નથી હોતો પણ કોઈકને આપણા સમયની ખરેખર જરૂર હોય છે.

૧૯૯૦માં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દેવગઢબારિયા પાસેના રાબોડ ગામે વિરાજમાન હતા. અહીં ભકતોને સત્સંગસભાનો લાભ આપીને તેઓ પાલ્લી ગામે જવા નીકળ્યા, પરંતુ આ મુસાફરીમાં તેઓએ મલાવ ગામનો માર્ગ લેવડાવ્યો. આ અણધાર્યો અને અનિર્ધારિત માર્ગ લેવાતા સહયાત્રીઓને ખૂબ આશ્ચર્ય થયું. પણ પછી સૌને ખ્યાલ આવ્યો કે માલવ ગામના ચાર વર્ષના બાળક શંભુએ ગઈકાલે સ્વામીશ્રીને પોતાને ઘેર પધારવાનું આમંત્રણ આપેલું. તેથી તેઓ આ વાટ ખેડી રહ્યા. ઉબડખાબડવાળા રસ્તે સ્વામીશ્રી શંભુના ઘરે પધાર્યા. પધરામણીનાં પૂજન-આરતી થયાં. પણ તે આરતી ઉતારવામાં શંભુ જ રહી ગયો. તેથી સ્વામીશ્રીએ તેને જ પૂછ્યું, 'તેં આરતી ઉતારી?'

'ના.'

'તો લે. ઉતાર આરતી.' આમ કહેતાં સ્વામીશ્રીએ એક હાથમાં ઠાકોરજીની પટમૂર્તિ પકડી રાખીને ફરીથી આરતી કરાવી. તે વખતે એ બાળકનું મોં ખીલી ઊઠ્યું.

આવા તો એક નહીં પણ અનેક પ્રસંગો છે કે જેમાં સ્વામીશ્રીએ નાનાં નાનાં બાળકોની કાલીઘેલી માંગણીઓને સંતોષવા સમય કાઢ્યો હોય. ઘણી વખત એવું બનતું કે નાના શિશુઓ સ્વામીશ્રીને રમતોત્સવમાં પધારવાનું આમંત્રણ આપતા. સ્વામીશ્રી પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢીને ન કેવળ રમતોત્સવમાં ઉપસ્થિત થતા પણ બાળકોની વિનંતીને માન આપીને તેઓની સાથે રમતમાં પણ ભળી જતા. ક્યારેક નાનાં બાળકો સ્વામીશ્રીને પોતાની મૂંઝવણ જણાવવા પત્ર લખતા. સ્વામીશ્રી આવા પત્રોના ઉત્તરો પણ મન દઈને આપતા.

અંગ્રેજીમાં એક ઉક્તિ છે કે,

To the world you may be just one person...

But to one person, you might just be the world.

અર્થાત, 'દુનિયા માટે ભલે તમે કેવળ એક વ્યક્તિ છો પણ કોઈક એક વ્યક્તિ માટે તમે આખી દુનિયા છો.'

આ મર્મ આપણે સમજવો રહ્યો. ખાસ કરીને આપણા સંતાનો માટે આપણે જ સર્વસ્વ હોઈએ છીએ. ઘણા વાલીઓનો એવો અભિગમ હોય છે કે સંતાનોને રમકડાં, વીડિયો ગેઈમ અથવા પોકેટમની આપી દીધાં એટલે બસ - આપણી ફરજ પૂરી. પણ એ સમજવું ઘટે કે, આ ઉપકરણો પૂરતાં નથી. એને પ્રેમની જરૂર છે અને આજના જમાનામાં પ્રેમ એટલે સમય

- To a child, love is spelled T-I-M-E.

હા, એ પણ વાસ્તવિકતા છે કે આજના જમાનામાં સંતાનો માટે સમય કાઢવો સહેલો નથી. પણ જેમ ઘણી વસ્તુઓ આપણને ન ગમતી હોવા છતાં આપણે કરીએ છીએ તેમ બાળકોને સંસ્કારી અને સદાચારી બનાવવા આટલી જહેમત તો ઉઠાવવી જ પડે.

જે કરીએ છીએ તે જ કરીએ

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

અત્યારના જમાનામાં એક વાત તો આપણે કરી શકીએ. જે સંસાધનો આપણા મનને બીજે દોરી જાય છે તેને આપણે જ્યારે કોઈ કાર્ય ઉપાડીએ ત્યારે દૂર રાખીએ, અવરોધોને દૂર રાખીશુ તો એકાગ્રતા કેળવાશે

એક સમયે સ્વામી વિવેકાનંદ જર્મનીના પાટનગર બર્લિનમાં પ્રો. ડોયસનને ત્યાં પધાર્યા હતા. ત્યાં પડેલા એક કાવ્યગ્રંથને સ્વામી વિવેકાનંદ વાંચવા લાગ્યા. તેઓ ઝડપથી પાનાં ફેરવતાં હતા. પ્રોફેસરે સ્વામી વિવેકાનંદને બોલાવ્યા, પણ તેમણે કશો જવાબ આપ્યો નહીં. પછીથી જ્યારે આ વાતની જાણ સ્વામી વિવેકાનંદને થઈ ત્યારે તેઓએ પ્રોફેસરની માફી માગતાં કહ્યું કે 'હું વાંચનમાં તલ્લીન હતો, આથી સંભળાયું નહીં.' પ્રોફેસરને આ વાત માનવામાં ન આવી, પરંતુ જ્યારે સ્વામી વિવેકાનંદજી ગ્રંથની કાવ્ય-કડીઓ બોલવા માંડ્યા ત્યારે પ્રોફેસર આશ્ચર્ય પામી ગયા. તેમણે સ્વામીજીને આનું કારણ પૂછ્યું કે, 'આવી સ્મરણશક્તિ કેવી રીતે થઈ શકે?'

સ્વામી વિવેકાનંદ એમને આ સંબંધી વાત કરતા હતા. એમાં મનની એકાગ્રતા તથા ભારતના યોગીઓની વાત નીકળી. અંતમાં સ્વામી વિવેકાનંદે કહ્યું કે, 'એવી તન્મય અવસ્થામાં મારા શરીર ઉપર કોઈ અંગારો મૂકે તો પણ મને એનું ભાન ન રહે!'

સંત કબીરની પણ આવી જ એક વાત પ્રસિદ્ધ છે. એવું કહેવાય છે કે, એમના પડોશીઓ ખરાબ સ્વભાવના હતા. જ્યારે કબીરજીની ભજનમંડળી જામી હોય ત્યારે જ આ પડોશીએ કોલાહલ કરતાં, નગારાં વગાડતાં, ગધેડાં પકડી લાવી ત્યાં છોડી દેતા.

એક વાર કબીર સાહેબ શિષ્યો સાથે પ્રાર્થના કરતા હતા ત્યારે કોલાહલથી કંટાળેલા શિષ્યોએ કબીરજીને ફરિયાદ કરીકે, 'આવા દુષ્ટોની વચમાં રહેવાથી આપણને શો ફાયદો?' એટલે કબીરજીએ કહ્યું કે, 'કોણે કોણે એ કોલાહલ સાંભળ્યો?' શિષ્યો કહે, 'અમે બધાએ.' કબીર કહે, 'કોલાહલ થતો હતો ત્યારે તમે શું કરતા હતા?' શિષ્યો કહે, 'પ્રાર્થના.' કબીર કહે, 'તો પછી તમારું મન પ્રાર્થનામાં હતું કે કોલાહલમાં?'

આપણા સૌની પણ હાલત કબીરજીના શિષ્યો જેવી જ હોય છે. આપણે પણ જે ક્રિયા કરતા હોઈ છીએ એની સાથે સાથે બીજી ક્રિયાઓમાં પણ આપણે આપણા મનને રમતું મૂકી દઈએ છીએ. આથી આપણે એક કાર્યમાં કેન્દ્રિત નથી થઈ શકતા. ખરેખર, ભણવાના સમયે ભણી લેવું જોઈએ. જમવાના સમયે જમી લેવું જોઈએ. જ્યારે જે સમયે જે કાર્ય કરતા હોઈએ ત્યારે તે કાર્ય કરી લેવું જોઈએ. અર્થાત્ તે કાર્યમાં આપણી સંપૂર્ણ એકાગ્રતા હોવી જોઈએ.

તા.૧૧-૪-૧૯૯૦ના રોજ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ભાવનગરમાં વિરાજમાન હતા. તેઓ રાત્રે જ્યાં પત્રવાંચન કરવા વિરાજ્યા હતા. બરાબર તેની ઉપર જ એક બલ્બ હતો. ગરમી વધી જતાં એ બલ્બ હોલ્ડરમાંથી છટક્યો ને સ્વામીશ્રીની બોચી ઉપર પડીને નીચે સરકી ગયો. સ્વામીશ્રી પત્ર વાંચતા જ રહ્યા. તેઓ જ્યારે પત્રો વાંચી રહ્યા ત્યારે એક સંતે આ બાબતે તેઓને વાત કરી. વાત સાંભળી સ્વામીશ્રી બોલી ઊઠ્યા કે, 'બલ્બ ક્યારે પડ્યો?' સંતોએ કહ્યું કે, 'આપ પત્ર વાંચતા હતા ત્યારે.'

ઉપરોક્ત પ્રત્યેક પ્રસંગમાંથી દરેક મહાપુરુષનો એક જ ગુણ ઊડીને આંખે વળગે છે-એકાગ્રતા. ઉપરના પ્રસંગો કદાચ આપણને સામાન્ય લાગતા હશે પણ એમાંથી મળતો બોધ ખરેખર અસામાન્ય છે, કારણ કે આજના જમાનામાં જ્યારે ટીવી., ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા, વગેરેનું આક્રમણ ચારે બાજુથી થાય છે ત્યારે માણસ માટે એકાગ્ર થવું સંઘર્ષમય બની રહે છે. આવા સંજોગોમાં હાથમાં ઉપાડેલું કાર્ય પૂર્ણ કરવું એ દુષ્કર બની જાય છે. ટાઈમ મેનેજમેન્ટના ગમે તેટલા કોર્સ કરીએ, પરંતુ જે તે કાર્યમાં આપણાં રસ, રુચિ અને એકાગ્રતા જ નથી, તેમાં સફળતા કેટલા અંશે મળી શકે? પણ ખરા અર્થમાં સફળ થવા માટે આ વિઘ્નને ખાળવું તો રહ્યું જ.

અત્યારના જમાનામાં એક વાત તો આપણે કરી શકીએ. જે સંસાધનો આપણા મનને બીજે દોરી જાય છે તેને આપણે જ્યારે કોઈ કાર્ય ઉપાડીએ ત્યારે દૂર રાખીએ.

વિદ્યાર્થી હોય તે ભણતી વખતે મોબાઈલથી અળગો રહે.

પિતા હોય તે પોતાનાં સંતાનો સાથે સમય ફાળવવા માટે એટલો સમય ટીવીને બંધ રાખે.

આવાં પગલાં આપણે પણ લેવા માંડીએ તો આપણે પણ ઓછા સમયમાં ઉચ્ચ ગુણવત્તાવાળું કાર્ય કરી શકીએ.

આ પણ વિચારવા જેવી બાબત છે

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

પ્રશંસા કરવામાં કંજૂસાઈ કરવાથી આપણે શેની બચત કરી શકીશું? અને એમાં ઉદારતા દાખવવાથી શેનો વ્યય કરી બેસીશું? આ વિચારવા જેવી બાબત છે, કોઇની પ્રશંસા કરવી એ સારી બાબત છે

વૉલ્ટર સ્કૉટ જ્યારે બાળક હતા ત્યારે મંદબુદ્ધિવાળા હતા. સ્કૂલમાં તેઓ હંમેશાં એક ખૂણામાં બેસી રહેતા. એક સમયે એક પ્રસિદ્ધ કવિ રૉબર્ટ બર્ન્સ વૉલ્ટરના ઘરે ગયા. ત્યાં એક છત્રી નીચે એક નાની કવિતા લખી હતી. બર્ન્સે આ કવિતા વાંચી પૂછ્યું કે, 'આ કોણે લખી છે?' ધીમે રહીને આ બાળકે કહ્યું કે, 'મેં લખી છે.' બર્ન્સે આ બાળકને સહજતાથી કહ્યું, 'તમે સ્કોટલૅન્ડ પ્રદેશમાં મોટા માણસ થશો.' આ વાત સાંભળીને વૉલ્ટરમાં એક અલગ પ્રકારના આત્મવિશ્વાસનો સંચાર થયો. એટલું જ નહીં, ખરેખર તેઓ આગળ જતાં તે એક મોટા કવિ થયા.

અબ્રાહમ લિંકનની વાત પણ કંઈક આવી જ છે. તેઓની માતાએ જીવનના અંતિમ શ્વાસ લેતા સમયે એટલું જ કહ્યું હતું કે, 'બેટા, તું હજુ બાળક છે, પણ તારી શક્તિઓ જોતાં મને લાગે છે કે તું મહાન બનીશ.' આ શબ્દોએ લિંકનને મહાન બનવાની પ્રેરણા આપી.

આથી જ કોઈ લેખકે લખ્યું છે કે,

'શબ્દે માર્યા મરી ગયા, શબ્દે છોડ્યાં રાજ;
જેણે શબ્દ વિચાર્યા, તેનાં સર્યાં કાજ.'

શબ્દોમાં ખરેખર ગજબની શક્તિ રહેલી છે. તે મરતા માણસને બેઠો પણ કરી શકે અને જીવતા માણસને મારી પણ શકે. આપણને ખ્યાલ નથી આવતો પણ પ્રશંસાનાં બે પુષ્પ પણ સામેવાળી વ્યક્તિમાં ખરેખરું જોમ પ્રેરી દે છે.

૨૦૦૧માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સારંગપુરમાં વિરાજમાન હતા. અહીં સંત તાલીમ કેન્દ્રમાં શિક્ષણ પ્રાપ્ત કરનાર એક વર્ગના સંતો ભગવદ ગીતાનો અભ્યાસ કરી રહ્યા હતા. આયોજન એવું ગોઠવાયું હતું કે સ્વામીશ્રી જ્યારે ભોજન ગ્રહણ કરે ત્યારે આ વર્ગના સંતો ગીતાના જુદા જુદા વિષયો ઉપર પ્રવચન પ્રસ્તુત કરે. નિત્યક્રમ એવો થતો કે એક બાજુ સ્વામીશ્રીનું ભોજન પૂરું થાય અને બીજી બાજુ વક્તા સંતનું પ્રવચન પૂર્ણ થાય. વક્તવ્ય પૂર્ણ થતાં તે સંત સ્વામીશ્રી પાસે આશીર્વાદ મેળવવા જાય. તે સમયે સ્વામીશ્રી પણ તે સંતે રજૂ કરેલા પ્રવચનના સારા મુદ્દા યાદ કરી રાજીપો દર્શાવે.

એક વખત એક સંતનું પ્રવચન સમયમર્યાદા કરતાં થોડું લાંબું ચાલ્યું. આ બાજુ સ્વામીશ્રીનું ભોજન પૂર્ણ થયું અને ત્યાં જ અગત્યની મિટિંગ કરવા માટે કેટલાક વરિષ્ઠ સંતો સ્વામીશ્રીને વીંટળાઈ વળ્યા. આથી પ્રવચન કરનાર સંત જ્યારે પ્રવચન પૂરું કરીને સ્વામીશ્રી પાસે ગયા ત્યારે સ્વામી મિટિંગમાં પરોવાયેલા હોવાથી તેઓને મળી ન શક્યા.

પરંતુ તેઓ જ્યારે આરામમાં ગયા ત્યારે પેલા સંતને બોલાવ્યા અને જણાવ્યું, 'આજે તમે ખૂબ સુંદર પ્રવચન કર્યું.' પેલા સંત તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. પ્રમુખસ્વામી મહારાજ આટલી વિશાળ સંસ્થાનું વહન કરવા છતાં એમાં પાંગરતી નાની નાની કળીઓની પણ આવી દરકાર રાખતા.

શું આપણે આપણા જીવનમાં પ્રશંસાને ક્યારેય અગ્રક્રમ આપ્યો છે? લગ્નને ૨૫ વર્ષ થયાં હોય પણ આપણે એક વખત પણ આપણી પત્નીને કહ્યું છે કે, 'આજે સરસ રસોઈ બનાવી છે.'

એક વખત પણ આપણા સંતાનને કહ્યું છે કે, 'તું ક્રિકેટ સારું રમે છે કે અભ્યાસ સારો કરે છે.'

એક વખત પણ માતાપિતાને કહ્યું છે કે, 'આપે મારી ખૂબ સંભાળ લીધી છે.'

મોટે ભાગે આપણે આપણા રોજિંદા જીવનમાં એટલા બધા ડૂબેલા હોઈએ છીએ કે આપણને આવી અગત્યની બાબતો ક્યારેય ધ્યાનમાં નથી આવતી, પરંતુ સમય કાઢીને પણ આપણે આ બાબતનો વિચાર કરવો યોગ્ય છે, કારણ કે ભગવાને આપેલા આ સંબંધોની માવજત કરવી તો આપણા જ હાથમાં છે! તો શું કામ એ માવજત કરવાના અનેક આયામો પૈકીનું આ પ્રશંસા રૂપી સાધન આપણે ન પ્રયોજીએ?

પ્રશંસા કરવામાં કંજૂસાઈ કરવાથી આપણે શેની બચત કરી શકીશું? અને એમાં ઉદારતા દાખવવાથી શેનો વ્યય કરી બેસીશું? આ વિચારવા જેવી બાબત છે. કોઈની પ્રશંસા કરવાથી આપણે નાના નથી બની જતાં, ઘણાં લોકો એવાં હોય છે જેઓ સારું કામ કરતાં હોય, કોઈને ન નડતા હોય અને પોતાના રસ્તે પોતાનું કામ કર્યે જતાં હોય છે, પણ આજના યુગમાં લોકોમાં એટલી ઈર્ષ્યા હોય છે કે આવા લોકોની પ્રશંસા કરતાં પણ તેઓ અચકાય છે, આવું ન કરવું, સારા લોકોની પ્રશંસા કરવી એ પણ એક પ્રકારનું સારું કામ જ છે.

પુરુષાર્થ=પારસમણી

+વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

> **વિદ્યાર્થીને ઉત્તીર્ણ થવું હોય, નિર્ધનને ધન મેળવવું હોય, નોકરી કરનારને પ્રમોશન મેળવવું હોય કે ધંધાદારીને વ્યવસાય વિકસાવવો હોય...દરેકે સંસારસાગરની સફળ નૌકામાં બેસવા માટે પુરુષાર્થરૂપી હલેસાં મારવાં જ પડે છે**

શ્રીકના ઈતિહાસમાં 'ડેમોસ્થિનસ' નામના એક પ્રખ્યાત પ્રવચનકાર થઈ ગયા. એથેન્સમાં પ્રવચન કરવા માટે જ્યારે તેઓ ઊભા થતા ત્યારે શ્રોતાઓ તેઓનું સંબોધન સાંભળીને મંત્રમુગ્ધ બની જતાં, પરંતુ કારકિર્દીનાં પ્રારંભિક વર્ષોમાં તેઓ સામાન્ય ઉદબોધન કરવા માટે પણ સક્ષમ નહોતા. તેમનું પહેલું જ પ્રવચન શ્રોતાગણ માટે ખૂબ જ હાસ્યાસ્પદ બન્યું હતું. તે વખતે તો તેઓ શરમાઈને પ્રવચન સ્થળેથી ભાગી ગયા હતા, પરંતુ આ વક્તૃત્વકળાને હાંસલ કરવાની તેઓના અંતરમાં રહેલી મક્કમતા ભાગી નહોતી અને તેઓએ પ્રવચન શીખવાનો પુરુષાર્થ પ્રારંભ્યો. તેઓએ અઠવાડિયાઓ સુધી ભોંયરામાં રહીને જ પ્રેક્ટિસ કરવાનો વિચાર કર્યો. એના માટે તેઓએ અડધા વાળ અને અડધી દાઢી મુંડાવી નાંખ્યાં જેથી બહાર જવાનો વિચાર જ ન આવે. વાક્ગતિ સહજ બનાવવા જીભ ચોંટે નહીં તે માટે તેઓ મોઢામાં કાંકરી મૂકીને બોલવાનો પ્રયાસ કરતા; વળી સ્પષ્ટ ઉચ્ચારણ અને પૂરતો શ્વાસ લેવા માટે તેઓ ઢાળવાળી જમીન પર દોડતાં દોડતાં પણ બોલતા. પરિણામે, પોતાના પ્રચંડ પુરુષાર્થના ફળસ્વરૂપે તેઓ સમયાંતરે ખૂબ જ પ્રભાવક પ્રવચનકાર બન્યા.

મુખ્ય વાત છે, 'પુરુષાર્થની!' પશુ હોય કે મનુષ્ય, અબુધ હોય કે બુદ્ધિવાન; દરેકને કાંઈક પામવા માટે 'પુરુષાર્થ'ને પોતાનો પર્યાય બનાવવો જ પડે છે.

અનાજના કણ પર નિર્ભર રહેતી કીડી, તેને મેળવવા આખો દિવસ દોડતી જોવા મળે છે. અરે, સિંહ ભલે વનનો રાજા હોય કે જેની ત્રાડથી હાથીના કુંભસ્થળ ફાટી જતા હોય; પરંતુ તેને પણ ખોરાક માટે તો પોતાનો પંજો ઉગામવો જ પડે છે.

તેમજ વિદ્યાર્થીને ઉત્તીર્ણ થવું હોય, નિર્ધનને ધન મેળવવું હોય, નોકરી કરનારને પ્રમોશન મેળવવું હોય કે ધંધાદારીને વ્યવસાય વિકસાવવો હોય... દરેકે સંસારસાગરની સફળ નૌકામાં બેસવા માટે પુરુષાર્થરૂપી હલેસાં મારવાં જ પડે છે, જેનો કોઈ વિકલ્પ નથી. જેની વાત કરતાં એક પ્રસિદ્ધ પુસ્તક 'કેલ્વિન કૂલિજ'માં લખાયું છે: 'Nothing in the world can take place of persistence, because persistence is omnipotent.' અર્થાત્, 'દુનિયામાં એક પણ વસ્તુ એવી નથી કે જે પુરુષાર્થનું સ્થાન લઈ શકે, કારણ કે તે ખૂબ જ મહત્ત્વનું બળ ધરાવે છે.'

મહાભારતના શ્રેષ્ઠ બાણાવળી અર્જુન પુરુષાર્થની અનોખી મૂર્તિ હતા. અંધારામાં પણ જો ભોજનનો કોળિયો મુખ સુધી પહોંચી શકતો હોય તો પછી ધનુષ્યમાંથી છૂટેલા બાણ વડે નિશાન કેમ ન પડે? આ વિચારને સઘન પુરુષાર્થનો ઓપ આપી અર્જુન સિદ્ધ બન્યા.

દિલીપ-અંશુમાન-ભગીરથ, ત્રણ ત્રણ પેઢીના મહાપુરુષાર્થ પછી સ્વર્ગવાસી પુનિત ગંગામૈયાનું આ લોકમાં આગમન થયું.

ખરેખર, પુરુષાર્થ એક પારસમણિ છે. ઈચ્છિત મનોરથરૂપી લોહને તેનો સ્પર્શ થતાં જ તે સોનું બની જાય છે. આથી જ વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજ કહેતાં, 'પરિશ્રમ વગર કોઈ વસ્તુની સિદ્ધિ થતી નથી. પરિશ્રમ કરનાર પર ભગવાન વગર માંગ્યા આશીર્વાદ આપે જ છે.'

જર્મન સંગીતકાર બીથોવન, પશ્ચિમી સંગીત દુનિયામાં સર્વશ્રેષ્ઠ સંગીતકારોમાં સ્થાન ધરાવે છે. એક વાર તેઓને એક કાર્યક્રમના અંતે એક જિજ્ઞાસુએ સફળતાનું રહસ્ય પૂછ્યું, બીથોવનનો જવાબ હતો. '૪૦ વર્ષ સુધી રોજના આઠ કલાકનો પુરુષાર્થ.'

વિશ્વફલક ઉપર આવા તો અનેક પુરુષાર્થીઓ આપણને પ્રેરણા આપી રહ્યા છે.

ઘણાં વર્ષો પહેલાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંપર્કમાં કમલ નામનો એક યુવક આવ્યો. તેનું જીવનકમલ વ્યસન, કુસંગ, ચોરી, ઝઘડા વગેરે દુરાચારોના કારણે અધોમુખ બની ગયેલું. પ્રમુખસ્વામી મહારાજે આ યુવકને તેના ફંદામાંથી મુક્ત કરવા કમર કસી. તેઓએ તે યુવકને પોતાની સાથે જ વિચરણમાં જોડી દીધો; અને દરરોજ સમય કાઢીને તેને બળપ્રેરક વાતો કરવાનું શરૂ કર્યું. કોઈને પણ એલર્જી ઉપજાવે એવા આ કમલના વ્યક્તિત્વથી સ્વામીશ્રી ક્યારેય હાર્યા-કંટાળ્યા નહીં. ત્યાં સુધી કે તેઓએ એક સદગૃહસ્થને પણ કમલની દેખરેખમાં રાખ્યા. મહિનાના અંતે સૌના આશ્ચર્ય વચ્ચે કમલનું સમૂળું પરિવર્તન થઈ જતાં તે સુખ અને શાંતિ અનુભવી રહ્યો.

પ્રમુખસ્વામી મહારાજે આવી એક-એક વ્યક્તિના જીવનમાં રસ લીધો છે, જેના પરિપાક રૂપે તેમણે ૪૦ લાખથી વધુ લોકોનો વ્યસનમુક્ત સમાજ તૈયાર કર્યો. કેવળ ૪૫ વર્ષોમાં જ ૫૨ દેશોનાં ૧૮૦૦૦ ગામડાંઓમાં વિચરીને તેઓએ અસંખ્ય હૃદય-પરિવર્તનો કર્યાં છે. પુરુષાર્થ વિના કોઈ પણ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

તો આવો, આપણે પણ પુરુષાર્થને જીવનમાં યોગ્ય રીતે વણી પૂર્ણ સફળ બનીએ.

અંતે તો જવું જ રહ્યું...



શાસ્ત્રોનાં વચનોને લીધે જ કેટલાય યુવકો લોભામણા વાતાવરણ વચ્ચે પણ અચળ અને અડગ રહી શકે છે, કેટલાય યુવકો કુસંગથી દૂર રહીને જીવનમાં સંયમ રાખી શકે છે. જીવનને ટૂંકાવી દેવાના વિચારોવાળા કેટલાય યુવકો પુનઃજીવંત થઈ જાય છે

+વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

'દિલ્હીમાં ૧૯ વર્ષના યુવાને ચાકુના ૩૫ ઘા ઝીંકીને પોતાનાં માતા-પિતા અને બહેનની કરેલી હત્યા.'

'મુંબઈમાં ૨૭ કરોડના હીરાની ચોરી કરનાર ૩૧ વર્ષના યુવાનને પોલીસે પકડી પાડ્યો.'

'IIT મદ્રાસમાં ભણતા ૨૨ વર્ષના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી જીવન ટૂંકાવી દીધું.'

જેઓના હાથમાં દુનિયાનું વર્તમાન અને ભવિષ્ય ખેલી રહ્યું છે, એ યુવાનોની આવી દશા! આવી તો સેંકડો ઘટનાઓથી આજનાં વર્તમાનપત્રો છલકાતાં હોય છે.

તો આજના યુવાનમાં એવું તો શું ખૂટે છે જે તેને વિપરીતતા તરફ ખેંચી જાય છે? એવું તે કયું પરિબળ છે જેના લીધે શરીરથી યુવાન હોવા છતાં તેઓનું મન અબુધ બાળક જેવું રહી જાય છે? એવી કઈ ખૂટતી કડી છે જેને લીધે યુવાન અધીર અને અસ્થિર બનતા જાય છે? તો એ ખૂટતી કડી છે- 'સાચી સમજણ' અર્થાત્ 'સાચી દિશા.'

જ્યાં સુધી જીવન જીવવાની સાચી દિશા પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી આપણું જીવન ફૂટબોલના દડા જેવું બની રહે છે. એટલા માટે સાચી દિશા પ્રાપ્ત થવી આવશ્યક છે અને આ સાચી દિશા શાસ્ત્રના પઠનથી જ પ્રાપ્ત થાય છે.

'અમને સાચી દિશા કોણ આપશે?' હજારો યુવાનોના આ પોકારનો જવાબ આપતાં પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ જણાવે છે કે, 'આપણાં શાસ્ત્રો મનુષ્યને સાચી દિશા સૂચવે છે.' જેઓ દરેક પળ શાસ્ત્ર પ્રમાણે જીવ્યા છે, એમના મુખમાંથી આ ઉચ્ચારાયેલું અનુભવામૃત છે.

આપણે ગમે તેવી પરિસ્થિતિમાં હોઈએ, પણ આપણાં શાસ્ત્રો દીવાદાંડી બની આપણને સાચી દિશા બતાવતાં રહે છે. સચ્છાસ્ત્રના વાંચનથી આપણા વિચારો અને આચરણ પર ઊંડી અસર થાય છે, જેનાથી નિરાશ થયેલાને નવી આશા પ્રાપ્ત થાય છે, જેના અંતરમાં સૂનકાર વ્યાપી ગયો હોય તેના અંતરમાં નવી ઊર્જાનો સંચાર થાય છે.

એક યુવક સ્વાનુભવ વર્ણવતાં કહે છે કે, 'હું ગોંડળમાં ગુરુકુળમાં રહીને ૧૧મા ધોરણમાં ભણતો હતો ત્યારે મારે ૬૦ ટકા આવ્યા હતા. ઓછા ગુણ મળવાથી અંતરમાં સૂનકાર વ્યાપી ગયો હતો. હું જ્યારે નોટિસ બોર્ડ પાસે ગયો તો ત્યાં શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનું લિસ્ટ લગાડેલું હતું. એ લિસ્ટના અંતે વચનામૃત (ભગવાન સ્વામિનારાયણની અમૃતવાણીનો ગ્રંથ)નું એક વાક્ય મેં વાંચ્યું અને મારી હતાશાનો ઉચ્છવાસ ક્યાંય ગાયબ થઈ ગયો. તેની મને ખબર જ ન પડી. એ વાક્ય હતું મનુષ્ય દેહે કરીને ન થાય એવું શું છે? જે નિત્ય અભ્યાસ રાખીને કરે તે થાય.'

મારા અંતરમાં જાણે નૂતન ઊર્જાનો સંચાર થયો. ફરી બેઠા થવાનું બળ મળી ગયું. પછી તો મેં દિલ લગાવીને મહેનત આરંભી અને ૧૨મા ધોરણમાં હું ૭૫% સાથે ઉત્તીર્ણ થયો. વચનામૃતને લીધે મને ૧૫% વધારે મળ્યા, એ તો ગૌણ લાભ હતો, મુખ્ય લાભ તો મને વધુ મહેનત કરવાનું બળ મળ્યું, એ હતો.

શાસ્ત્રનું માત્ર એક જ વાક્ય આવા અનેક હારી ગયેલા યોદ્ધાઓને પુનઃબેઠા કરી દે છે. ખરેખર, શાસ્ત્રો મનુષ્યને સાચી સમજણ અને સાચી દિશા આપે છે.

શાસ્ત્રોનાં વચનોને લીધે જ કેટલાય યુવકો લોભામણા વાતાવરણ વચ્ચે પણ અચળ અને અડગ રહી શકે છે, કેટલાય યુવકો કુસંગથી દૂર રહીને જીવનમાં સંયમ રાખી શકે છે. જીવનને ટૂંકાવી દેવાના વિચારોવાળા કેટલાય યુવકો પુનઃજીવંત થઈ જાય છે.

એટલા માટે જ કવીશ્વર દલપતરામ રચિત હરિલીલામૃત ગ્રંથમાં લખાયું છે કે,

'શાસ્ત્રો સુણ્યાથી સદબુદ્ધિ આવે, શાસ્ત્રો
સુણ્યાથી હરિભક્તિ ભાવે;
આ લોકનો ને પરલોક કેરો, રસ્તો મળે
શાસ્ત્ર થકી ઘણેરો.'

ગાંધીજીએ પણ શ્રીમદ્ ભગવદગીતાનું માહાત્મ્ય સમજાવતાં કહ્યું છે કે, 'મારી બે માતા છે. મૂંઝવણના સમયમાં હું મારી ગીતારૂપી માતા જોઉં છું ત્યારે મને એ માર્ગદર્શન આપે જ છે. હતાશ હૈયામાં હામ ભરે છે.'

ટૂંકમાં, આપણી આ જીવનયાત્રામાં દરેક નિષ્ફળતાઓ અને સફળતાઓમાં આપણો જો કોઈ સાચો મિત્ર હોય, તો એ છે આપણાં શાસ્ત્રો. એ શાસ્ત્રોનાં વચનોમાંથી જો આપણે સતત સાચી દિશા મેળવતા રહીએ તો આપણે પણ આપણા જીવનને યોગ્ય દિશામાં નિર્ભયતાથી, નિશ્ચિતતાથી અને નિશ્ચલતાથી આગળ ધપાવી શકીએ છીએ. અંતે, શાસ્ત્ર પાસે જવું જ રહ્યું.

જીવનનો હેતુ શું?

જ્યારે જીવનમાં મલીનતા હોય ત્યારે એક અદૃશ્ય ભાર માણસને ભીંસમાં રાખે છે. એવી અનેક વ્યક્તિઓ છે જે પ્રસિદ્ધિની ટોચે પહોંચીને પણ અંતે વિપરીત પરિણામનો ભોગ બની છે. જ્યારે પવિત્ર જીવન જીવનારા સ્થૂળ રીતે કદાચ ક્યારેક સંઘર્ષ અનુભવતા હોય પણ એકંદરે શાંતિનો અનુભવ કરે છે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

નેપોલિયન બોનાપાર્ટ દુનિયાની કોઈ પણ સુવિધા વસાવી શકે તેટલી સંપત્તિનો ધારક હતો, પરંતુ જીવનસંધ્યાએ તેના ઉદ્‌ગારો હતા, 'મેં મારા જીવનકાળમાં છ દિવસ પણ સુખના જોયા નથી. ભૌતિક સમૃદ્ધિ મેળવવા મૂકેલી આંધળી દોટે જીવનને નિરર્થક-કંગાલ બનાવી દીધું.'

કિંગ સોલોમન પાસે ૩૦,૦૦૦ કિલો સોનું, ૧૪૦૦ રથ, ૧૨,૦૦૦ ઘોડા, ૭૦૦ રાણીઓ અને ૩૦૦ અન્ય સ્ત્રીઓ હતી. અમર્યાદિત સત્તા અને અઢળક સંપત્તિ ભોગવ્યા બાદ તેના પણ અંતિમ ઉદ્‌ગારો હતા 'મારી આખી જિંદગીમાં મેં હવામાં જ બચકાં ભર્યાં છે.' કનક-કામિની-કીર્તિ અઢળક અને અમર્યાદિત હોવા છતાં પણ જીવન ખારા ઝેર જેવું બની ગયું. કારણ એટલું જ કે તેઓએ કંઈક પામવા માટે દોટ મૂકી પણ સાચી દિશા ન પકડી.

જીવનમાં જે કરવાનું છે એ રહી જાય છે અને ન કરવાનું થઈ જાય છે, એટલે માનવી સુખ કે શાંતિને અનુભવી શકતો નથી. ૨૧મી સદીમાં મનુષ્ય પ્રગતિશીલની સાથે દિશાશૂન્ય પણ એટલો જ છે. જીવનમાં સિદ્ધિ હાંસલ કરવા પ્રયત્નશીલ છે, પરંતુ કાંઈ સિદ્ધ કરી શકતો નથી, કારણ કે શું સિદ્ધ કરવાનું છે તે જ ખબર નથી.

એટલે જ એક કવિએ કહ્યું છે કે,

'જિંદગી સાવ નાની છે, તોય મજાની છે;
જો જીવતા આવડે તો, નહીંતર પરેશાની છે.'

તો પછી જીવનની પરેશાનીમાંથી બહાર નીકળવાનો રસ્તો કયો છે? આવા જ ભાવનો એક પ્રશ્ન પુછાયો હતો પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને. તા.૩-૯-૧૯૮૪ના રોજ સ્પાર્ટનબર્ગમાં તેઓની મુલાકાતે અમેરિકન પત્રકાર માર્ક ફિનલી આવી ચડ્યા. તેઓ સાથે યોજાયેલી પ્રશ્નોત્તરી દરમિયાન આ સંવાદદાતાએ પૂછ્યું, 'શું સંપત્તિ એકત્રિત કરવી એ જ જીવનનો હેતુ છે?' પ્રમુખસ્વામી મહારાજે તે પત્રકારને સાચી દિશા ચીંધતા જણાવ્યું કે, 'જીવનનો હેતુ તો ભગવાનની ભક્તિ કરવી, બીજાને મદદરૂપ થવું અને પવિત્ર જીવન જીવવું એ છે.' સાદા સરળ શબ્દોથી ગૂંથાયેલું આ વાક્ય ખરેખર આપણા સૌને જીવન જીવવાનો સાચો રાહ બતાવે છે.

બીજાને મદદરૂપ થવું- આપણી પ્રગતિમાં અનેકોના ઉપકારો રહેલા છે. તેમ આપણે પણ બીજાને મદદરૂપ થવાની ભાવનાથી જીવન જીવીએ તો અંતરમાં શાંતિનો અનુભવ થાય છે. વિશ્વના નામાંકિત ધનવાનો અને કુબેરપતિઓ પણ પોતાની સંપત્તિનો ઘણોખરો હિસ્સો પરના અર્થે વાપરે છે, કારણ કે તેઓનું અંતર કબૂલે છે કે 'સુખ-શાંતિ ભેગું કરવામાં નહીં, પણ વહેંચવામાં છે.' આપણને પણ અનુભવ થાય છે કે, ક્યારેક વર્ષો પહેલાં પણ એક નાનું એવું પરોપકારનું કાર્ય આજે પણ આપણને આનંદ અને સંતોષનો અનુભવ કરાવતું હશે. આમાં તો આપવાની વાત છે છતાં આપણને એમાંથી સુખ મળે છે, એનો અર્થ જ એ થાય છે કે બીજાને મદદ કરવામાં ખરેખર માલ છે.

પવિત્ર જીવન જીવવું - જ્યારે જીવનમાં મલીનતા હોય ત્યારે એક અદૃશ્ય ભાર માણસને ભીંસમાં રાખે છે. એવી અનેક વ્યક્તિઓ છે જે પ્રસિદ્ધિની ટોચે પહોંચીને પણ અંતે વિપરીત પરિણામનો ભોગ બની છે. જ્યારે પવિત્ર જીવન જીવનારા સ્થૂળ રીતે કદાચ ક્યારેક સંઘર્ષ અનુભવતા હોય પણ એકંદરે શાંતિનો અનુભવ કરે છે.

અને સૌથી મુખ્ય છે- ભગવાનની ભક્તિ. ઈતિહાસ એક વાતની અવશ્ય ગવાહી પૂરે છે કે ભગવાનમાં મગ્ન રહેનારા જ સુખ અને શાંતિને ભગોવી શક્યા છે. એ પછી દિયરની ઉપાધિની વચ્ચે પણ 'પાયોજી મૈંને રામ રતન ધન પાયો' ગાનારા મીરાંબાઈ હોય કે પત્નીના મૃત્યુ પછી 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાલ' ગાનારા નરસિંહ મહેતા હોય. કષ્ટો વચ્ચે પણ 'વિઠ્ઠલ ગીતિ ગાવા, વિઠ્ઠલ ચિતીં ગાવા' નો સૂર છેડનારા સંત તુકારામ હોય કે અપમાનોની વચ્ચે પણ 'ભાગ્ય જાગ્યાં રે આજ જાણવા'નો રણકો કરનારા સ્વામિનારાયણીય સંતકવિ નિષ્કુળાનંદ સ્વામી હોય. જેમ શર્ટનું પ્રથમ બટન વ્યવસ્થિત લાગી જાય પછી બીજાં બધાં બટનો સરળતાથી બંધ બેસી જાય છે તેમ ભગવાનને પ્રધાન રાખીને જીવન જીવીએ તો આપણા જીવનના બધા પાસા વ્યવસ્થિત ગોઠવાઈ જાય છે અને અંતે સુખનો અનુભવ થાય છે. નક્કી આપણે કરવાનું છે, ઉપરોક્ત ત્રિવેણીમાં ગરકાવ થઈ જીવનને સાર્થક કરવું છે કે લૌકિક ઝાકઝમાળમાં ઘેલા થઈ અંતે દુઃખી થવું છે?

ભવ્ય સપનાનું વાવેતર

યાદ રાખીએ, સંકલ્પો રાતોરાત સાકાર થતાં નથી. ૨૭ વર્ષની ધીરજ, અથાગ પરિશ્રમ, સેંકડોનું સમર્પણ અને પ્રભુમાં અતૂટ શ્રદ્ધાના પરિપાક કોઇપણ સંકલ્પોને સાકાર કરવાનું કામ કરે છે. ધારેલાં કાર્યો સાકાર કરવા મહેનત તો કરવી જ પડતી હોય છે, જે આ સમજે છે એ જ સપનાઓ સાકાર કરી શકે છે

+ વાઇબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ઈતિહાસમાં કેટલીક ઘટનાઓ એવી હોય છે જે સમયના અવિરત ચાલતા પ્રવાહમાં સ્થિર બની જાય છે, પરંતુ તેથી પર કેટલીક ઘટનાઓ એવી હોય છે કે જે સ્વયં સ્થિર કરી દે છે. તાજેતરમાં જ સમગ્ર ભારત એવા એક શકવર્તી પ્રસંગનું સાક્ષી બન્યું- શ્રીરામ મંદિર પ્રતિષ્ઠા! પાંચસો વર્ષના સપનાને સાકાર થયેલું જોવા, જાણે આખું ભારત એક થઈ ગયું. માત્ર ભૌગોલિક સીમામાં બંધાયેલું 'ભારત'નહીં, પણ વિશ્વના ખૂણે ખૂણે વસેલું 'ભારત' હજુ તો રામ મંદિરના વિજય પડઘમ શમે, તે પૂર્વે એવા જ એક અન્ય કાળજયી પ્રસંગની શરણાઈઓ વાતાવરણમાં ગુંજવા લાગી છે.

૨૦૨૪ના વર્ષમાં ઈતિહાસ કરવટ લઈ રહ્યો છે. હવે વિશ્વ મીટ માંડીને બેઠું છે- એક અકલ્પનીય ઐતિહાસિક ઘટના પર, અબુધાબીમાં ઉદઘાટિત થનાર 'BAPS હિંદુ મંદિર' પર. અરબસ્તાનના રણમાં ખીલેલા આ કમળે માત્ર ભારતનું નહીં પણ સમગ્ર દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. ભારત સરકારના વિદેશ મંત્રાલયનું સુકાન સંભાળનાર શ્રી એસ.જયશંકરના શબ્દોમાં કહીએ તો 'આ ઘટના જાણે પરિકથા વાસ્તવિક બની હોય એવી આશ્ચર્યજનક છે. ભવિષ્યમાં જયારે હું મારા પૌત્ર જોડે બેઠો હોઈશ અને મારા જીવનકાળની હૃદયસ્પર્શી ક્ષણો વાગોળો હોઈશ, ત્યારે તેમાંની એક યાદગાર ક્ષણ હશે- અબુધાબીમાં પ્રતિષ્ઠિત થનાર હિંદુ મંદિર! કારણકે, એ ક્ષણ કદાચ સમગ્ર માનવતાને જોડનારી અગત્યની ક્ષણ છે.'

ખુલ્લી આંખે જોવાતું સપનું લાગે, એવા આ મંદિરના મૂળમાં, પ્રમુખસ્વામી મહારાજનો શ્રદ્ધાયુક્ત સંકલ્પ છે. એ દિવસ હતો ૫ એપ્રિલ, ૧૯૯૭નો. અબુધાબીમાં શારજહાંના રણમાં ગણતરીના ૭-૮ સંતો સાથે બેસીને પ્રમુખસ્વામી મહારાજ સહજ વાર્તાલાપ કરી રહ્યા હતા. એ સમયે આ સ્થાન પરથી વિશ્વશાંતિ અને સૌના કલ્યાણ માટે તેઓએ સંતો સાથે ભગવાનને પ્રાર્થના કરી. તે દરમિયાન, તેઓએ સૌની કલ્પના બહાર એક એવો સંકલ્પ કર્યો કે, 'અબુધાબીમાં મંદિર થાય, જેના દ્વારા દેશો, સંસ્કૃતિઓ અને ધર્મો પરસ્પર નજીક આવે. દરેક દેશ આંતરિક કલહોથી મુક્ત થઈ વિકાસ પામે.' પવિત્ર હૃદયમાંથી પ્રગટેલા એ સંકલ્પ માટે સૌને સહાનુભૂતિ હતી, પણ શ્રદ્ધા નહિવત્. કારણકે, એ સમય હતો જ્યારે ભગવા વસ્ત્ર ધારણ કરીને આરબ દેશોમાં જવું પણ એક પડકાર હતો. એ સંજોગોમાં આ મહાપુરુષે ક્રાંતિકારી સ્વપ્ન સેવ્યું. ખરેખર, તેઓમાં સૌનું હિત કરવાની ભાવના, ભગવાનમાં અતૂટ શ્રદ્ધા અને અન્ય પર વિશ્વાસ મૂકવાનું સાહસ હતું....તો આજે ધરતી પર સર્જાયેલો ચમત્કાર આપણે જોઈ શકીએ છીએ.

આ લેખ જ્યારે આપના હાથમાં આવશે,ત્યારે મંદિરની પ્રતિષ્ઠા થઈ ગઈ હશે અને અરબસ્તાનના આકાશમાં સનાતન ધર્મની ધજાઓ લહેરાતી થશે. વિશ્વ-સંવાદિતાનું એક અજોડ ઉદાહરણ સમું આ મંદિર, ડિજિટલ મીડિયા અને પ્રિન્ટ મીડિયામાં છવાઈ ગયું હશે. પણ આ સમાચારનો આનંદ લઈને આપણે એક નાનકડું હોમવર્ક પણ કરવાનું છે. સમય લઈને એકાંતમાં પોતાની જાત સાથે બેસજો અને વિચાર કરજો કે જો એક વ્યક્તિ શુદ્ધ આશયથી અને પૂર્ણ શ્રદ્ધાથી સંકલ્પ કરે અને જો તે સાકાર થઈ શકે. તો આપણા સ્વપ્નો પણ સાકાર થઈ શકે છે.

અત્યાર સુધીમાં એવા ઘણા પ્રસંગો બન્યા હશે કે આપણા મનમાં પણ ભગવાને ભવ્ય સ્વપ્નોની પ્રેરણા કરી હોય. પણ તેનું કદ અને આપણી મર્યાદા જોઈને આપણે ત્યાં જ તેની હત્યા કરી નાંખી હશે કે 'આવું તો કેવી રીતે શક્ય બને?' પણ આજે એ મૃત સંકલ્પને જીવંત કરીએ. ફરી તે સ્વપ્ન માટે આશાવાન બનીએ. સાહસ અને હિંમત ભેગા કરી પૂર્ણ શ્રદ્ધા સાથે પ્રભુને પ્રાર્થના કરીએ સંકલ્પ-બીજને કાર્યક્ષેત્રની રણભૂમિમાં વાવીએ અને આજથી જ તે બીજમાં પુરુષાર્થનું અમૃત સીંચવાનો શુભારંભ કરીએ. આજની તારીખ અને સમયને નોંધી લઈએ. વિશ્વાસ રાખજો, આપના માટે પણ આજનો દિવસ ૫ એપ્રિલ, ૧૯૯૭ની જેમ ઐતિહાસિક બની રહેશે.

યાદ રાખીએ, સંકલ્પો રાતોરાત સાકાર થતાં નથી. ૨૭ વર્ષની ધીરજ, અથાગ પરિશ્રમ, સેંકડોનું સમર્પણ અને પ્રભુમાં અતૂટ શ્રદ્ધાના પરિપાક સ્વરૂપે તૈયાર થયું છે આ મંદિર. આપણે પણ મંજિલ સુધી પહોંચવાની આ યાત્રામાં આ સદગુણોનું ભાથું સાથે રાખવું પડશે. જો તમને તમારામાં વિશ્વાસ હશે અને તમારા હેતુઓ શુદ્ધ હશે તો પ્રભુના હાથ તમને મદદ કરવા તત્પર બની જશે. તેઓ સમગ્ર સૃષ્ટિને તમારી સહાય કરવા માટે હાકલ કરી દેશે.

શાશ્વત સુખની અનુભૂતિ



બીજા સાથે હરીફાઈ કરવા કરતાં જો આપણે પોતાની જાત સાથે જ હરીફાઈ કરીએ તો હંમેશાં આપણે આગળ ને આગળ વધતા જ રહીશું. બીજા સાથે હરીફાઈ કરવાથી સદા હતાશા, નિરાશા અને અશાંતિ જ પ્રાપ્ત થાય છે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

'દુનિયાની દૃષ્ટિએ હું શ્રેષ્ઠ રહું' આ વાક્યમાં કોઈ દોષ નથી, પરંતુ 'હું જ શ્રેષ્ઠ રહું, બીજો કોઈ નહીં.' તેમાં ભારોભાર દોષ છે. આ દોષની અગનજ્વાળામાં ઘણા હોમાઈ રહ્યા છે.

આજે દુનિયાના દરેક ક્ષેત્રમાં દરેક વ્યક્તિને કોઈ ને કોઈ પ્રતિસ્પર્ધી મળી જ જતો હોય છે. બીજી વાસ્તવિક્તા દુનિયાની એ પણ છે કે કોઈને પ્રતિસ્પર્ધીથી પાછળ રહેવું ગમતું નથી. પરિણામે પ્રતિસ્પર્ધીને પછાડવા માટે વ્યક્તિ કોઈ પણ હદ સુધી નીચે પડવા તૈયાર થઈ જાય છે અને ન કરવાં જેવાં કાર્યો પણ કરી બેસે છે. આવું કરવા પાછળ સ્પર્ધા જવાબદાર નથી પરંતુ સ્પર્ધામાં ભળેલો અહંકાર જવાબદાર છે.

આ દોષ નિવારવા મહાપુરુષોનું જીવન પ્રેરણારૂપ છે. તેઓ ક્યારેય આ પ્રકારની સ્પર્ધામાં પડતા જ નથી. ઊલટાનું તેઓ તો હંમેશાં સ્પર્ધાભાવથી અલિપ્ત જ રહે છે.

૨૦૦૭માં એક સ્પર્ધા યોજાઈ હતી. જેનું શિર્ષક હતું. 'સબ સે બડા ગુજરાતી કૌન?' આ સ્પર્ધામાં જુદાં જુદાં ક્ષેત્રના નામાંકિત ગુજરાતીઓનાં નામ મૂકવામાં આવેલાં. ધાર્મિક ક્ષેત્રના કેટલાક મહાનુભાવોનાં નામ પણ આ યાદીમાં મૂકેલાં, જેમાં એક નામ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું પણ હતું.

તેમાં લોકોને એક પ્રશ્ન પૂછવામાં આવેલો કે 'એવી કઈ વ્યક્તિ છે કે જેનો સમગ્ર વિશ્વના ગુજરાતીઓ ઉપર પ્રભાવ હોય?'

આ પ્રશ્ન પુછાયાને માત્ર થોડા જ કલાકોમાં ૨૦,૩૫૭ લોકોએ SMS અને ઈ-મેઈલના માધ્યમથી પ્રમુખસ્વામી મહારાજને સર્વોચ્ચ સ્થાને મૂકી દીધા. હજુ લોકોના પ્રતિભાવો આવતા જ હતા.

પ્રમુખસ્વામી મહારાજ એ સમયે વિદેશ ધર્મયાત્રા પર હતા. જ્યારે તેઓને આ સ્પર્ધાની જાણ થઈ અને એમાં પણ આ સ્પર્ધામાં પોતાનું નામ મોખરે છે, તેવી માહિતી મળી એટલે તરત જ તેમણે સ્પર્ધાના આયોજક સાથે વાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી. આથી તેમને ફોન જોડીને કહેવામાં આવ્યું કે, પ્રમુખસ્વામી મહારાજને તમારી સાથે વાત કરવી છે. આયોજકને એમ હતું કે આ સ્પર્ધામાં પ્રમુખસ્વામી મહારાજ સૌથી આગળ છે એ સમાચાર હું સ્વામીને આપીશ.

પરંતુ તેઓ કશું કહે તે પહેલાં જ પ્રમુખસ્વામી મહારાજે વિનમ્રતાથી કહ્યું, 'ભાઈ! અમારે કોઈ સાથે હરીફાઈ નથી કરવી. અમે ક્યારેય કોઈ સાથે હરીફાઈ કરી પણ નથી. માટે તમને જો મારા પ્રત્યે સહેજ લાગણી હોય તો આ સ્પર્ધામાંથી મારું નામ કાઢી નાંખો.'

આયોજકે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'સ્વામીજી, આ તો સબ સે બડા ગુજરાતીની સ્પર્ધા છે અને સમગ્ર વિશ્વમાંથી લોકો પોતાનો પ્રતિભાવ આપી રહ્યા છે. એ દૃષ્ટિએ આપ સર્વપ્રથમ છો. અમે કોઈ વ્યક્તિનો પ્રચાર પ્રસાર કરતા નથી, લોકો સ્વેચ્છાએ આપને સર્વપ્રથમ સ્થાન આપી રહ્યા છે.'

ત્યારે પ્રમુખસ્વામી મહારાજે આગ્રહભરી વિનંતી કરતાં કહ્યું, 'તમામ મહાનુભાવો પોતાને જ્યાં તક મળી હોય ત્યાં હૃદયથી કામ કરતા હોય છે, મારી દૃષ્ટિએ એ બધા સબ સે બડા ગુજરાતી જ છે. માટે મહેરબાની કરીને મારું નામ આ સ્પર્ધામાંથી કાઢી નાખો.'

આવો જ પ્રસંગ ૨૦૦૫માં દિલ્હી અક્ષરધામના ઉદ્ઘાટન વખતે થયો. 'તાજમહાલને ટક્કર મારે તેવું અક્ષરધામ' આવી વાતો વહેતી થઈ હતી.

જે બાબતે પ્રમુખસ્વામી મહારાજે જણાવ્યું હતું કે, 'આપણે ક્યાં કોઈને ટક્કર મારવા માટે આ અક્ષરધામ બનાવ્યું છે. આપણે કોઈ પણ ધર્મ, કોઈ પણ સંપ્રદાય સાથે સહેજ પણ હરીફાઈ કે સ્પર્ધા માટે અક્ષરધામ બનાવ્યું જ નથી. અમે તો અમારા ગુરુ યોગીજી મહારાજનો સંકલ્પ પૂર્ણ કરવા અને ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપવા માટે તેમજ વિશ્વને ભારતીય સંસ્કૃતિનો પરિચય મળી રહે તે માટે અક્ષરધામ બનાવ્યું છે.'

પ્રમુખસ્વામી મહારાજની આવી હૃદયભાવના જોઈને સૌ કોઈ નતમસ્તક થઈ ગયા.

પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં કહેતાં કે, 'આપણે આપણી લીટી લાંબી કરવી, પરંતુ ક્યારેય કોઈની લીટી ભૂંસવાનો પ્રયત્ન ન કરવો.'

બીજા સાથે હરીફાઈ કરવા કરતાં જો આપણે પોતાની જાત સાથે જ હરીફાઈ કરીએ તો હંમેશાં આપણે આગળ ને આગળ વધતા જ રહીશું. બીજા સાથે હરીફાઈ કરવાથી સદા હતાશા, નિરાશા અને અશાંતિ જ પ્રાપ્ત થાય છે.

તો ચાલો, આપણે પણ શાંતિના શાશ્વત સુખની અનુભૂતિ કરીએ અને ગઈકાલે આપણે જ્યાં હતા તેના કરતાં આજે વધુ એક ડગલું આગળ વધીએ.

મનની જાળવણી

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

દ્રૌપદીના સ્વયંવરમાં અતિ કઠિન કસોટીમાં અર્જુન વિજયી થયા. ત્રાજવાંનાં બે પલ્લાંમાં પગ સ્થિર કરી મત્સ્યવેધ કર્યો. મનની આવી અસીમ એકાગ્રતાને વરેલા અર્જુને પણ શ્રીકૃષ્ણને કહ્યું હતુંઃ મારું મન ભમે છે, હું ચંચળ મનને સ્થિર કરી શકતો નથી. આ પરિસ્થિતિ પાંચ હજાર વર્ષ પૂર્વેના એક પાર્થની જ નહીં પણ આજે પૃથ્વી પર વસતા પ્રત્યેક પાર્થની છે.

સર્વ સુખ-દુઃખનું કારણ એવા અશાંત અને અસ્થિર મનને વશ કરવાનો ઉપાય બતાવતાં શ્રીકૃષ્ણ ભગવદ્ ગીતામાં કહે છેઃ મન ચંચળ અને વશ કરવું મુશ્કેલ છે, પણ અભ્યાસ અને વૈરાગ્ય વડે તેને વશ કરાય છે

માણસની અપાર શક્તિ અને સામર્થ્યની વંદના કરતાં કહેવાયું છે કે કાળા માથાનો માનવી ધારે તે કરી શકે. હજારો માણસોને ગોદમાં સમાવે તેવાં પ્લેન બનાવી આભને આંબતો થઈ ગયો તો આકાશે આવાસ બનાવી ગગને વિહરતો થઈ ગયો. હજારો ટન સામગ્રી સાથે સમંદર પર સરકવા લાગ્યો તો પવન સાથે બાથ ભીડે તેવી બુલેટ ટ્રેનમાં મહાલવા લાગ્યો, દુનિયા આખીને મુઠ્ઠીભર મોબાઈલમાં માણતો થઈ ગયો તો પલકારે પરિવર્તન કરે તેવાં મશીનોની માયાજાળ ગૂંથતો થઈ ગયો. મજબૂત મનના માનવીઓની સિદ્ધિઓ જોઈને એમ જ કહેવું પડેઃ અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી.

છતાં પર્વતને પડકારનારો માનવ આજે પોતાના મન સામે કેમ માયકાંગલો પુરવાર થાય છે? જંગલી પશુઓને આંગળીના ઈશારે નચાવનારો માનવ આજે પોતાના મન આગળ કેમ નાચવા લાગે છે? ભૂકંપે અડીખમ રહે તેવા નિવાસો રચનારો માનવ આજે મનના એક ઝપાટે કેમ ભોંયભેગો થઈ જાય છે? આજના વિશ્વની સમસ્યા અસ્થિર અર્થતંત્ર નહીં પણ અસ્થિર માનસતંત્ર છે.

સવારે વહેલા ઊઠવાનું કે ઓછું ખાવાનું, નિત્ય કસરત કે વોકિંગ કરવાનું નક્કી કરું છું પણ મન રોજ રમાડી જાય છે. સાયન્સ લેવું કે કોમર્સ, દેશમાં ભણવું કે વિદેશ જવું, નોકરી કરવી કે ધંધો કરવો મારું મન કોઈ નિર્ણય જ કરી શકતું નથી. ખરાબ વિચારો કે વ્યસનો સામે, કુટેવો કે ક્રોધી સ્વભાવ સામે મારું મન હંમેશાં હિંમત હારી જાય છે. અભ્યાસ કે સ્પોર્ટ્સમાં મળેલી નિષ્ફળતાને અને પ્રેમ કે પરિવારમાં થયેલા કટુ અનુભવને મારું મન ભૂલી જ શકતું નથી. હા! કોઈકનું મન સાવ ભાંગી ગયું છે તો કોઈકનું સાવ થાકી ગયું છે. એટલે જ તો આજે મનોચિકિત્સકોના દરવાજે મોટી લાઈનો લાગે છે.

મનની નિર્બળતા માટે દોષિત પણ માનવ જ છે. શરીરની સુંદરતા, સુડોળતા અને સ્વસ્થતા મેળવવા માટે ઉત્સાહી માણસ મનના ઘડતર માટે બિલકુલ બેફિકર બની રહે છે. ઘણા સમયથી મંદિરે કે સત્સંગમાં ગેરહાજર રહેનાર યુવકને સંતોએ પૂછ્યુંઃ સત્સંગમાં કેમ દેખાતો નથી? 'સ્વામી! હવે હું જિમમાં મારી ફિટનેસ માટે ખૂબ સમય આપું છું.' જિમમાં જવાથી શું શું મજબૂત થાય? 'શરીર' મનને અવગણી કેવળ તનની સંભાળમાં લાગેલ તેની બુદ્ધિને ઢંઢોળવા સંતે પૂછ્યુંઃ કોઈકના અપશબ્દો કે અપમાનના ઘા સામે, કોઈકની ટીકા કે બેવફાઈ સામે આ કસાયેલું શરીર ટકી શકશે ખરું? 'ના... ના સ્વામી! આવું કાંઈક થાય તો તો ડિસ્ટર્બ થઈ જવાય છે, રૂઝ ન આવે તેવી માનસિક ઈજા થઈ જાય છે.' હા, કદાવર અને ખડતલ શરીર ધરાવનાર વ્યક્તિઓ પણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં મનનું સંતુલન જાળવી શકતી નથી.

પોતાના ગીત, સંગીત અને નૃત્યની પ્રસ્તુતિથી વિશ્વના કરોડો લોકોનાં મન જીતનાર પોપસિંગર માઈકલ જેકસનના અંતિમ શબ્દો હતાઃ હું ઘણી વાર રડું છું. એકલતા મને પીડે છે. સાચું કહું તો મારું અસ્તિત્વ જ મને પીડે છે. દિવસ-રાત ચાહકોથી પૂજાતા હોવા છતાં મનનો ખાલીપો જ મૃત્યુનું કારણ બન્યો.

મણિરત્નમાલામાં શંકરાચાર્ય કહે છેઃ જેણે મન જીત્યું તેણે જ સર્વ જગત જીત્યું.

સર્વ સુખ-દુઃખનું કારણ એવા અશાંત અને અસ્થિર મનને વશ કરવાનો ઉપાય બતાવતાં શ્રીકૃષ્ણ ભગવદ્ ગીતામાં કહે છેઃ મન ચંચળ અને વશ કરવું મુશ્કેલ છે, પણ અભ્યાસ અને વૈરાગ્ય વડે તેને વશ કરાય છે.

માનવમનની શુદ્ધિ અને સંવૃદ્ધિ તથા સ્થિરતા અને સલામતી માટે ૧૨૦૦ મંદિરોનું નિર્માણ કરનાર સંત પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કહેતાઃ મનને સ્થિર કરે તે મંદિર, મનને શાંત કરે તે મંદિર.

તો ચાલો, આપણા મનને અસ્થિર કરનાર અનિષ્ટોથી દૂર રહીને મનને મજબૂત કરે તેવાં મંદિરો અને સ્થિર કરે તેવા ગુણિયલ સંતોના સંગમાં રહી મનનું ઘડતર કરીએ, ફક્ત શરીરની જ નહીં મનની પણ જાળવણી કરીએ, કેમ કે કવિ મિલ્ટને કહ્યું છેઃ મન જ નરકમાંથી સ્વર્ગનું અને સ્વર્ગમાંથી નરકનું નિર્માણ કરી શકે છે.

જા, તારાથી થાય તે કરી લે

+ વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી



ઘણી વખત આપણે આપણા પરિવારના સભ્યો સાથેના વ્યવહારમાં વટ પર આવી જઈએ છીએ. પરિણામસ્વરૂપે, ન કેવળ સામેવાળાને કે આપણને પણ સમગ્ર પરિવારને એની માઠી કિંમત ચૂકવવી પડે છે

એક રોડ પર ખૂબ જ ટ્રાફિક જામ થયો હતો. ૩ કિ.મી.ની લાંબી લાઈન લાગી ગઈ. હજારો ગાડીઓ રસ્તા ઉપર જમા થઈ ગઈ હતી. તપાસ કરતા ખબર પડી કે ટ્રાફિક જામ થવાનું કારણ રસ્તા વચ્ચે સામ સામે આવી ગયેલી કેવળ બે ગાડીઓ જ હતી. બંને ગાડીઓના ચાલકો વટ પર આવી ગયા હતા કે, 'હું મારી ગાડી ન ખસેડું. તું ખસેડ.'

બેમાંથી જો એક ચાલક પણ સમજી જાય અને પોતાની ગાડી થોડી ખસેડી લે તો તરત જ ટ્રાફિક ક્લીયર થઈ જાય તેમ હતું. પણ બેમાંથી એકે સમજવા તૈયાર નહોતા. કદાચ, આવું આપણા રોજિંદા જીવનમાં ઘણીવાર જોતાં હોઈશું. સ્થૂળ રીતે જોતાં આ ટ્રાફિક જામ ગાડીઓનો હતો પણ ઊંડા ઊતરી તો ખબર પડે કે આ ગાડીઓને નહીં પણ સ્વભાવોનો ટ્રાફિક જામ હતો, 'હું નહીં ખસેડું, હું નથી હટવાનો, જા, તારાથી થાય તે કરી લે!'

આપણા ઘરે પણ જે પ્રશ્નો ઉદભવતા હોય છે એનું નિષ્પક્ષ વિશ્લેષણ કરીએ તો ખબર પડે કે સ્થૂળ બાબતો તો કેવળ નિમિત્ત હોય છે, બાકી મોટો પ્રશ્ન તો આપણા સ્વભાવોનો હોય છે. આપણે આપણા ઘરમાં પરિવારના સભ્યોને સમજવા તૈયાર નથી થતા. પરિણામસ્વરૂપે, ઘરમાં રામાયણ અને મહાભારતના દૃશ્ય સર્જાય છે. પરંતુ, તે સમયે કેવળ એક વ્યક્તિ પોતાના સ્વભાવનું સાઈડમાં પાર્કિંગ કરી સામે વાળાને સમજવાનો પ્રયત્ન કરે તો કદાચ ઝઘડા નહીં થાય.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ૧૯૭૪ના જાન્યુઆરી મહિનામાં મુંબઈ ખાતે વિરાજમાન હતા. તે સમયે મુંબઈના વિવિધ પરાઓમાં જાહેર સભાઓનું આયોજન થયું હતું. આ શૃંખલામાં તા.૨૪/1 નો દિવસ થાણા વિસ્તારમાં એક જાહેર સભા માટે ફાળવવામાં આવ્યો. તે જ અરસામાં વિદેશી એક હરિભક્ત સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. તેઓએ દંડવત કરીને વાત કરી કે, 'સ્વામી! મારા ભત્રીજાનાં લગ્ન રાખ્યા છે. આપે આશીર્વાદ આપવા વડોદરા આવવાનું છે.'

પ્રાર્થના નહીં. વિનંતી નહીં. તેઓ સીધી આજ્ઞા જ કરી રહેલા. તે પણ ગુરુને! સ્વામીશ્રી પર આમ અધિકાર વાપરતા તેઓને જોઈને આસપાસ બેઠેલા સૌને આશ્ચર્ય થયું. પણ સ્વામીશ્રીએ તો તેઓને સહર્ષ પૂછ્યું: કઈ તારીખ છે? '૨૪ જાન્યુઆરી.' 'પણ એ દિવસે તો અમારે થાણાનો કાર્યક્રમ ગોઠવાઈ ગયો છે. પહેલાં પણ બે વાર કેન્સલ થયેલો.' 'ના, બાપ! એવું ના ચાલે. તમારે આવવું જ પડે. હું વેવાઈને કહીને આવ્યો છું. મારા વચનનું શું? મારે નીચું જોવાનું થાય...' એ હરિભક્ત પોતાની પ્રતિષ્ઠાનો ભંગ ન થાય તે માટે સ્વામીશ્રીને ઢસડી રહેલા. તેઓની આ વાત સાંભળી સૌને થયું: 'સ્વામીશ્રીને પૂછ્યા વિના બારોબાર વચન આપી દેવાનું?' પણ સ્વામીશ્રી તેઓને વચલો માર્ગ કાઢતાં કહેવા લાગ્યા: 'જુઓ, અમે વસંતપંચમીએ અટલાદરા આવવાના જ છીએ. તે વખતે તમારે ત્યાં આવી જઈશું. આશીર્વાદ પણ આપશું. માટે આ વખતે રહેવા દઈએ.' સ્વામીશ્રીની આ વાત પેલા હરિભક્તને ના ગમી. તેઓ ઉગ્ર હોવા થતાં કહેવા લાગ્યા, 'તમે કેમ ના આવો? ગમે તેમ કરીને તમારે આવવું જ પડશે!' આ સાંભળી સૌ સમસમી રહ્યા. કારણકે તે હરિભક્તની વાતમાં ગુરુભાવ તો ઠીક, સામાન્ય સભ્યતાનો પણ છાંટો દેખાતો નહોતો. આવી બેહૂદી વાત સાંભળી સ્વામીશ્રીની મુખરેખા લેશ બદલાઈ નહોતી. તેઓએ તે હરિભક્તને કહ્યું: 'ભલે, આવશું. બસ!' અને સાથે બેઠેલા સેવકને કહ્યું: 'આ તારીખ નોંધી લો. આપણે જઈ આવીશું.'

કીડી કુંજર પર રાજ કરે એવો આ ઘાટ ઘડાયેલો! અને ખરેખર પ્રમુખસ્વામી મહારાજ થાણાનો કાર્યક્રમ ઠેલી દિવસ માટે વડોદરા પેલા હરિભક્તને સંતોષ આપવા જઈ આવ્યા. ઉપરોક્ત પ્રસંગમાં કોઈપણ સામાન્ય માણસ હોય તો એનું મગજ છટકી જાય. સ્વભાવોનો અકસ્માત સર્જાઈ જાય પણ એની સામે પ્રમુખસ્વામીએ ધૈર્ય રાખ્યું અને પેલા હરિભક્તને અનુકૂળ થઈને એને સંતોષ આપ્યો. તેઓ વટ પર ન ઊતર્યા. તેઓએ આ પ્રસંગ સાચવી લીધો.

ઘણી વખત આપણે આપણા પરિવારના સભ્યો સાથેના વ્યવહારમાં વટ પર આવી જઈએ છીએ. પરિણામસ્વરૂપે, ન કેવળ સામેવાળાને કે આપણને પણ સમગ્ર પરિવારને એની માઠી કિંમત ચૂકવવી પડે છે. પરંતુ, ઘરમાં બનતા આવા પ્રસંગોમાં જો આપણે આપણી જાતને સંભાળી લઈએ તો ઘરના ઘણા ખરા ઝઘડા ઓછા થઈ શકે.

શું ઈંટનો જવાબ પથ્થરથી ?

+ વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

ગુજરાતીમાં એક કહેવત છે: 'હૈયે હતું તે હોઠે આવ્યું.' અર્થાત્ હૃદયમાં જે લાગણી હતી તે ભાષારૂપે અભિવ્યક્ત થઈ. હા, વિશ્વની કોઈ પણ ભાષા એ આખરે લાગણીનું જ સંતાન છે. હંમેશાં મનુષ્યના મનમાં પ્રથમ લાગણીનો આવિર્ભાવ થાય છે, ત્યારબાદ તેની અભિવ્યક્તિ ભાષા દ્વારા થાય છે.

પ્રાણીઓ તેમજ સામાન્ય મનુષ્યો પોતાની લાગણીને વશ હોય છે. એટલે કે જેવું અનુભવે છે, તેવું ભાષા કે પ્રતિક્રિયા દ્વારા વ્યક્ત કરે છે, પરંતુ મહાપુરુષો લાગણીને વશ હોતા નથી, પણ લાગણી એમને વશ હોય છે, કારણ કે તેમના હૃદયમાં રહેલા સિદ્ધાંતો તે લાગણીઓ પર અનેક ગણી સરસાઈ ભોગવતા હોય છે. તેથી જ આવા મહાપુરુષોની પ્રતિક્રિયા એ વિશ્વની ભાષા બની જતી હોય છે. અર્થાત્ વિશ્વને એમના જીવનમાંથી અનોખી પ્રેરણા મળતી હોય છે. એવા એક મહાપુરુષ એટલે દક્ષિણ આફ્રિકાના સર્વપ્રથમ આફ્રિકન પ્રમુખ નેલ્સન મંડેલા.

'જેવા સાથે તેવા' કે 'ઈંટનો જવાબ પથ્થરથી' એ જીવપ્રાણીમાત્રની લાગણી છે, પણ આપણાં શાસ્ત્રો કહે છે કે કોઈ તમારું બગાડે તોય તેના પર ઉપકાર કરવો, એ સિદ્ધાંત છે. અને સિદ્ધાંત એને કહેવાય કે જે સનાતન સત્ય હોય

આફ્રિકન નેશનલ કોંગ્રેસના પ્રમુખ બન્યા બાદ દક્ષિણ આફ્રિકામાં રંગભેદનીતિ અને આફ્રિકન લોકોના અધિકાર માટેની લડત આપવા બદલ તેમને આજીવન કારાવાસની સજા ફરમાવવામાં આવી. અત્યંત પીડાસભર કારાવાસમાં ૨૭ વર્ષ તેમણે પસાર કર્યાં. તેઓ ક્યારેક ફરિયાદ કરે ત્યારે ગાર્ડ મારે અને ગાળો બોલે. એક વાર અડધી રાતે જગાડ્યા અને ભયંકર ઠંડીમાં કપડાં કઢાવીને માર્યા. કેટલીક વાર જેલર જમવાનું સામે ફેંકે અને જમે ત્યારે ઉપર પેશાબ કરે.

અરે, અધમતાની પરિસીમા તો ત્યારે જોવા મળે કે એમનાં માતુશ્રી અને પુત્રના અવસાન સમયે અંતિમવિધિ માટે પણ એમને જવા દીધા નહીં. જેલમાં હતા, ત્યારે દક્ષિણ આફ્રિકાના તત્કાલીન પ્રધાનમંત્રીએ તેમને ફાંસી આપવાના ઘણા પ્રયત્ન કર્યા હતા. આમ, આવા તન-મનથી અત્યંત યાતનાસભર કારાવાસમાંથી ૨૭ વર્ષ બાદ કોઈ સામાન્ય માણસ છૂટે અને દેશનો રાષ્ટ્રપ્રમુખ બને, તો શું કરે, એ આપણે સૌ કલ્પી શકીએ એમ છીએ. પણ નેલ્સન લાગણીને વશ નહોતા, લાગણી એમને વશ હતી, કારણ કે તેમના હૃદયમાં સિદ્ધાંતનું સામ્રાજ્ય હતું.

એટલે જ જ્યારે જેલમાંથી છૂટ્યા ત્યારે તેમને પુછાયું કે તમને કોઈના પ્રત્યે રાગદ્વેષ છે? ત્યારે એમણે જણાવ્યું, 'જો હું રાગદ્વેષ રાખું તો બહાર નીકળ્યા પછી પણ હું જેલમાં છું.' જે વડાપ્રધાને એમના પ્રત્યે અત્યંત ઘૃણા સેવી હતી, તેમના વિશે પૂછ્યું ત્યારે પણ તેમણે જણાવ્યું, 'તે ઘણા સારા માણસ છે.' એક વાર તો એક રેસ્ટોરાંમાં સામેના ટેબલે પેલો જેલર જ ભેગો થઈ ગયો કે જેણે ૧૮ વર્ષ સુધી એમને અસહ્ય યાતના આપી હતી. ત્યારે સુરક્ષાગાર્ડ સાથે રાષ્ટ્રપ્રમુખ મંડેલાને જોઈને એને તો પરસેવો જ વળી ગયો કે આ મને છોડશે નહીં. પણ મંડેલાએ એને બોલાવી ખૂબ પ્રેમથી સાથે ભોજન લીધું.

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પણ આવા સેંકડો પ્રસંગો બન્યા છે કે જેમાં તેમનું હાડોહાડ અપમાન કરનાર જ્યારે લાચાર બની એમની પાસે મદદ માટે આવ્યા હોય, ત્યારે એમણે ખૂબ જ ઉદારદિલે મદદનો હાથ લંબાવ્યો હોય. સામેની વ્યક્તિને લેશ પણ લાચારી અનુભવવા ન દે અને પોતે પૂર્વે સહન કર્યું છે, એ પણ કળાવા ન દે. એક વાર એક ભક્તે કહ્યું કે આવા વિરોધીઓ સામે ભલે ડંખ નહીં, પણ ફૂફાડો તો મારવો જોઈએ? ત્યારે પ્રમુખસ્વામી મહારાજે જણાવ્યું, 'ફૂંફાડો મારવામાં પણ મોઢું દુખે. એટલે આપણે કોઈની સામે બદલો લેવા નહીં, ઊલટું એનું ભલું થાય, એમ કરવું.' એમની અજાતશત્રુતાની પરાકાષ્ઠા સમગ્ર વિશ્વે ત્યારે નિહાળી, જ્યારે ગાંધીનગર અક્ષરધામ મંદિર પર હુમલો કરીને અનેકને મૃત્યુને ઘાટ ઉતારનાર આતંકવાદીઓના ભલા માટે પણ એમણે પ્રાર્થના કરી.

'જેવા સાથે તેવા' કે 'ઈંટનો જવાબ પથ્થરથી' એ જીવપ્રાણીમાત્રની લાગણી છે, પણ આપણાં શાસ્ત્રો કહે છે કે કોઈ તમારું બગાડે તોય તેના પર ઉપકાર કરવો, એ સિદ્ધાંત છે. અને સિદ્ધાંત એને કહેવાય કે જે સનાતન સત્ય હોય. વિશ્વનો ઈતિહાસ આ સિદ્ધાંતની સત્યતાની ગવાહી પૂરે છે કે કોઈ દિવસ વેરથી વેર શમતું નથી. ઊલટું વધુ પ્રજ્વલિત થાય છે અને હૈયે અશાંતિની હોળી સળગતી જ રહે છે. તેથી શાંતિ માટે તો બૂરું કરનારનું પણ ભલું કરવું એ જ સિદ્ધાંત છે. મહાપુરુષોનાં જીવનમાં માનવસહજ લાગણી આ સિદ્ધાંત આગળ કદાપિ ફરકી શકતી નથી. એટલે જ તેઓ સર્વમાન્ય બને છે, તેમની ભાષા વિશ્વની ભાષા અને તેમનું વર્તન વિશ્વ માટે પ્રેરણાનો સ્રોત બની રહે છે.

વિકૃતિ, પ્રકૃતિ અને સંસ્કૃતિ

+વાઇબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

'કોઈકના ભાણાનું પડાવી લઈ ખાવું તે વિકૃતિ, એકલા-એકલા ખાવું તે પ્રકૃતિ અને અન્યનો વિચાર કરી ખાવું તે સંસ્કૃતિ.'

આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે. કલમ સાહેબ કહેતા, 'I am not a 'Handsome' guy, but i can give my 'hand' to 'some' one who needs help.'

અન્યના હિતનું સાતત્ય એ હકીકતે તો 'સંતત્વ'નો જ પરિચય છે. પરોપકાર એ સંત-હૃદયનો સહજ ધબકાર છે. અને તેમાંય કોઈ પણ અપેક્ષા વિનાનો પરોપકાર તે 'સંતત્વ'ની શ્રેષ્ઠ ઊંચાઈની ઓળખ આપે છે.

ગુરુ નાનક જ્યારે કિશોર વયના હતા, ત્યારે એક વાર કેટલાક સાધુ-મહાત્માઓને ભૂખ્યા જોયા. તેઓનું હૃદય ભાવાર્દ્ર થઈ ગયું. તેમણે એક વરિષ્ઠ સાધુને કહ્યું, 'મારી પાસે પૈસા છે તે તમને આપું છું. તમે ભોજનની વ્યવસ્થા કરી લેજો.' તે વરિષ્ઠ સંતે પૂછ્યું કે, 'બેટા! આ પૈસા ક્યાંથી લાવ્યો?' ગુરુ નાનકે કહ્યું, 'પિતાજીએ મોટા શહેરમાં જઈ વેપાર કરવા માટે આપ્યા છે.' તે સાધુએ કહ્યું, 'તો પછી વેપાર માટે જ વાપરને અમને કેમ આપે છે?' ત્યારે ગુરુ નાનક સહસા બોલી ઊઠ્યા કે, 'હું પિતાની આજ્ઞા મુજબ જ કરી રહ્યો છું. આપ જેવા સાધુઓને જમાડવા કરતાં વધુ સારો વેપાર કયો?'

ખરેખર, ભગવાને રચેલી આ સૃષ્ટિમાં વિચારો અને લાગણીઓ-સંવેદનાઓની જુગલબંધી એકમાત્ર મનુષ્યમાં જ દેખાય છે. 'વિચારો' એ બુદ્ધિની નિપજ છે, જ્યારે 'સંવેદના' એ હૃદયની.

અવનવા, અચરજકારી અને સર્જનાત્મક વિચારોથી એક 'પ્રભાવ' જરૂર ઊભો થાય છે પણ તે ક્ષણિક હોય છે. જ્યારે અન્ય માટેની ઉચ્ચ અને ઉમદા ભાવના-સંવેદનાથી 'સદભાવ' ઊભો થાય છે, જે અન્યના હૃદયમાં કાયમી સ્થાન જમાવે છે.

રામચરિતમાનસના ઉત્તરકાંડમાં ગોસ્વામી તુલસીદાસજી લખે છે. 'પરહિત સરિસ ધર્મ નહીં ભાઈ'- 'અન્યનું હિત કરવાથી મોટું કોઈ કર્તવ્ય નથી.'

આપણી મહાન સંત પરંપરાએ તો આપણને કેવળ મનુષ્યોની જ નહીં, પરંતુ મૂક-અબોલ પશુ-પંખીની પણ ચિંતા કરવાનું શીખવ્યું છે. સૌનું હિત કરવાની આ ઊંડી સંવેદના એ 'વસુધૈવ કુટુમ્બકમ્'ની આપણી સનાતન ભારતીય સંસ્કૃતિનો પર્યાય છે. ભારતીય સંત પરંપરામાં આ સિદ્ધાંતો મૂર્તિમાન જોવા મળે છે.

ઈ.સ. ૧૯૮૭ના વર્ષમાં ગુજરાત કારમા દુષ્કાળની ભીંસમાં આવી ગયેલું. 'મેઘરાજાની રીસ અને ઠેરઠેર પાણી માટે ચીસ.' સમગ્ર ગુજરાતનું તે સમયનું આ રેખાચિત્ર હતું. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે આ અરસામાં ગુજરાતનું પશુધન બચાવવા કેટલ કેમ્પો શરૂ કરાવેલા. સાથે સાથે અન્ય પાંજરાપોળો તથા ગૌશાળામાં પણ બનતી મદદ કરવી શરૂ કરી હતી. 'પશુ કલ્યાણ કેન્દ્ર'ના નામથી આયોજનબદ્ધ રીતે શરૂ કરવામાં આવેલા આ કેટલ કેમ્પોના સેવાકાર્યને સરકારશ્રીએ પણ ખૂબ નોંધનીય અને ઉલ્લેખનીય બતાવેલું. સાથેસાથે આ રાહતકાર્યમાં પ્રમુખસ્વામી મહારાજે કોઈ પણ નાત-જાત કે ધર્મની ભેદરેખા રાખી નહોતી. જેની નોંધ આજે પણ એ ખેડૂતોના માનસપટ ઉપર શીલાલેખ સમાન કોતરાયેલી છે.

દુષ્કાળના એ દિવસો દરમિયાન પ્રમુખસ્વામી મહારાજ તીર્થધામ સારંગપુર ખાતે રોકાયા હતા. પોતાના નિત્યક્રમ મુજબ તેઓ રોજ સાંજે મંદિરની ચીકુવાડીમાં ભ્રમણ માટે પધારતા. એક વાર તેઓએ ભ્રમણ દરમિયાન અચાનક ચીકુવાડીની દેખરેખ રાખનાર સંતને બોલાવ્યા. દેખરેખ અંગેની કોઈ ભૂલ માટે અથવા કોઈ વિશેષ સૂચનનું અનુમાન કરીને તે જવાબદાર સંત હાથ જોડીને હાજર થયા.

પ્રમુખસ્વામી મહારાજે પૂછ્યું, 'આ વર્ષે ચીકુ ખૂબ આવ્યા છે. આ ચીકુનું શું કરો છો?'

વાડી સંભાળનાર સંતે કહ્યું, 'ઠાકોરજીના થાળ માટે તથા સંતો-ભક્તો માટે જરૂરિયાત પૂરતા રાખીને બીજા બજારમાં મોકલી આપીશું.' દુષ્કાળની ભીષણ પરિસ્થિતિમાં મૂક-અબોલ અને નિર્દોષ પંખીઓ પ્રત્યેની સંવેદના સાથે પ્રમુખસ્વામી મહારાજે તે સંતને કહ્યું, 'સાંભળો! બધાં ચીકુ ઉતારી લેવાના નહીં. દુષ્કાળનું વર્ષ છે. પાણીના અભાવે ખેડૂતોએ વાવેતર કર્યું ન હોય તેથી બિચારાં પક્ષીઓ ખાવા ક્યાં જાય? પક્ષીઓ માટે ચીકુ અનામત રાખવાં, ઉતારવાં નહીં. અને પાણી ભરેલાં કુંડાં પણ રાખવાં જેથી પક્ષીઓને પાણી પણ મળી રહે.'

એક ચિંતકે કહ્યું છે કે, 'કોઈકના ભાણાનું પડાવી લઈ ખાવું તે વિકૃતિ, એકલા-એકલા ખાવું તે પ્રકૃતિ અને અન્યનો વિચાર કરી ખાવું તે સંસ્કૃતિ.' ઉપનિષદ કહે છે, 'તેન ત્યક્તેન ભુંજિથાઃ' 'અન્ય માટે ત્યાગ કરીને ભોગવો.'

આપણાં શાસ્ત્રોમાં સમાયેલી આ વિરલ અને વિશિષ્ટ સંવેદનાઓ આપણા મહાન સંતો-મહાપુરુષોના જીવનમાં અક્ષરશઃ ચરિતાર્થ છે. તેઓની જીવનશૈલી છે. આવો, મહાપુરુષોના પગલે લોકહિતની આવી ભાવના-સંવેદનાને આપણા જીવનમાં સાકાર કરીએ.

sanskar@sandesh.com

પ્રભાવક કેમ ન બની શકાય?

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

વાત છે ફ્રાંસનાં અર્થશાસ્ત્રી ડોમિનિક સ્ટ્રોસ કાનની. તેઓ એમની વિદ્વત્તાને લીધે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ એટલે કે IMFનાં પ્રેસિડેન્ટ બન્યા હતા. IMF વિશ્વના જુદા જુદા દેશોને આર્થિક રીતે સબળ રાખવાનો પ્રયત્ન કરતી હોય છે. ડોમિનિક સ્ટ્રોસ કાનની સાથે વાત કરવા વિવિધ દેશના પ્રમુખ અને વડાપ્રધાનો પ્રયત્નશીલ રહેતા. ૨૦૧૨માં ફ્રાન્સમાં ચૂંટણી યોજાવાની હતી. પ્રમુખપદ માટેની આ ચૂંટણીમાં ડોમિનિક સ્ટ્રોસ કાન પણ એક ઉમેદવાર હતા. ફ્રાન્સની મોટા ભાગની જનતા આવા વિદ્વાન વ્યક્તિને ફ્રાન્સના સર્વોચ્ચ સ્થાન પર બેસાડવા માંગતી હતી. પ્રમુખ તરીકેની એમની જીત નિશ્ચિત જ હતી. પરંતુ એક એવી ઘટના બની કે, જેણે આખું ચિત્ર જ બદલી નાખ્યું.

ચૂંટણી પૂર્વે ૨૦૧૧માં મે મહિનાની ૧૪મી તારીખે ડોમિનિક સ્ટ્રોસ કાન અમેરિકાના ન્યુયોર્કની હોટેલ સોફ્ટેલમાં રોકાયા હતા. સ્ટ્રોસ કાને આ હોટેલમાં કામ કરતી સિફાતો નામની એક વેઈટ્રેસની છેડતી કરી હોવાનો તેના પર આરોપ મૂકાયો. સામાન્ય કામવાળી તરીકે કામ કરતી. આ સ્વાભિમાની બાઈએ કોઈપણ જાતની શેહશરમ કે ડર રાખ્યા વગર પોલીસ ફરિયાદ કરી; અને સ્ટ્રોસ કાનની ધરપકડ થઈ.

સ્ટ્રોસ કાનની ધરપકડ થયાની વાત સમગ્ર વિશ્વમાં વાયુવેગે ફેલાઈ ગઈ. પોલીસ દ્વારા ધરપકડ થયાના માત્ર ચાર દિવસ બાદ તા.૧૮મી મે, ૨૦૧૧ના રોજ સ્ટ્રોસ કાને આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાના પ્રમુખ તરીકે રાજીનામું આપવું પડ્યું. સાથે સાથે ફ્રાન્સની પ્રજાના હૃદયમાં રહેલું સ્થાન પણ ગુમાવ્યું. એ પ્રજાએ ડોમિનિકને ફ્રાન્સના પ્રમુખ ન બનવા દીધા. એક નાની ભૂલને કારણે સ્ટ્રોસ કાનની કારકિર્દી રોળાઈ ગઈ અને તેમને ટોચ પરથી પછાડીને ઊંડી ખીણમાં નાંખી દીધા.

પ્રમુખસ્વામી મહારાજે આથી જ કહ્યું છે કે, 'ચારિત્ર્ય ચૂક્યા તો જીવનની ઈમારત પડતા વાર નહીં લાગે. ચારિત્ર્ય એ પાયો છે.' When Character is lost, everything is lost.

ખરેખર, ચારિત્ર્ય ગુમાવનાર વ્યક્તિની કોઈ કિંમત રહેતી નથી. એની સામે ચારિત્ર્ય સાચવનાર વ્યક્તિમાં લોકોને વિશ્વાસ હોય છે અને તે વ્યક્તિ સ્વયં પણ પોતાના જીવનમાં પ્રગતિ સાધે છે.

શ્રી જયપ્રકાશ નારાયણ અમેરિકા અભ્યાસ કરવા ગયા હતા. તેમની પાસે ફીના પૈસા હતા નહીં, એટલે તેમણે કંઈક મહેનત કરીને કમાવવાનું વિચાર્યું. તેમણે શિકાગો શહેરની ગલીઓમાં ફરીને સૌંદર્ય-પ્રસાધનો જેવાં કે ક્રીમ, પાઉડર વગેરે વેચવા માંડ્યું

વર્ષો પહેલાંની વાત છે. ભારતના વરિષ્ઠ સ્વાતંત્ર્ય સૈનિક તથા સમાજવાદી અને સર્વોદય ચળવળના પ્રમુખ નેતા શ્રી જયપ્રકાશ નારાયણ અમેરિકા અભ્યાસ કરવા ગયા હતા. તેમની પાસે ફીના પૈસા હતા નહીં, એટલે તેમણે કંઈક મહેનત કરીને કમાવવાનું વિચાર્યું. તેમણે શિકાગો શહેરની ગલીઓમાં ફરીને સૌંદર્ય-પ્રસાધનો જેવાં કે ક્રીમ, પાઉડર વગેરે વેચવા માંડ્યું. એકવાર તેઓ હબસીઓના એક વિસ્તારમાં જઈ પહોંચ્યા. ત્યાં એક હબસી યુવતીએ તેમની પાસેથી ક્રીમની ખરીદી કરી, પણ જ્યારે જયપ્રકાશે પૈસા માગ્યા ત્યારે તે યુવતીએ પૈસા લેવા બીજે દિવસે આવવા કહ્યું. જયપ્રકાશ તેની પાસેથી પૈસા લીધા વિના પાછા ફર્યા. બીજે દિવસે તેઓ પૈસા લેવા ગયા, તો તે યુવતીએ તેમને ચા-નાસ્તો કરાવ્યો. અને વળી, બીજે દિવસે પૈસા લેવા આવવા કહ્યું. જયપ્રકાશને સમજાયું નહીં કે આ યુવતી પૈસા કેમ આપતી નથી અને રોજ બીજે દિવસે પૈસા લેવા આવવાનું શા માટે કહે છે? પણ ત્રીજા દિવસે તેમને આ વાતનું રહસ્ય સમજાઈ ગયું. એ દિવસે તે યુવતી જયપ્રકાશને પોતાના ઓરડામાં લઈ ગઈ. જયપ્રકાશને તેનો મલિન આશય સમજાઈ ગયો. તરત જ જયપ્રકાશ નારાયણને થયું કે હું ભારતથી લાંબો પંથ કાપીને આટલે દૂર અભ્યાસ કરવા આવ્યો છું, મોજવિલાસ ભોગવવા નહીં. આમ, પોતાના અભ્યાસ કરવાના ધ્યેયની દૃઢતાના કારણે, તેઓ તરત જ તે ઓરડામાંથી બહાર નીકળી ગયા અને ફરીથી એ યુવતીના ઘરે તો શું એ વિસ્તારમાં પણ કદીએ ડોકાયા નહીં.

આવું દૃઢ મનોબળ ધરાવનાર વ્યક્તિને પ્રભાવક કેમ ન બને? વર્ષો પછી તેઓ ખૂબ પ્રભાવશાળી રાજકરણી તરીકે પ્રસિદ્ધ થયા. આજે પણ આવા મહાપુરુષો પૃથ્વીને શોભાવી રહ્યા છે.

ચારિત્ર્યમાં દૃઢ રહેનાર વ્યક્તિ અંદરથી વજ્રસમ મજબૂત બને છે, જે મનોબળ એમને તેજસ્વી બનાવે છે. એક બાજુ છે, ડોમિનિક સ્ટ્રોસ કાન અને બીજી બાજુ છે, શ્રી જયપ્રકાશ નારાયણ અને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાપુરુષો. નક્કી આપણે કરવાનું છે, આપણે કોનો રસ્તો અપનાવવો છે?

શું માનસિક તાણ વધે છે?

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

૧૯૯૯માં અમેરિકાની ડ્યુક યુનિવર્સિટીએ પણ આવું જ એક સર્વેક્ષણ કર્યું. ૪૦૦૦ વ્યક્તિઓ ઉપર હાથ ધરાયેલા આ સર્વેક્ષણનું તારણ પણ ઉપરોક્ત દિશામાં જ આવ્યું હતું કે, મંદિરોમાં જવાથી માણસને ડિપ્રેશન અને ઉદ્વેગ ઓછાં થાય છે

'Stone Age Man'થી લઈને 'Missile Man' સુધી માણસે પોતાના જીવનમાં ખૂબ પ્રગતિ કરી. ભૂતકાળને શરમાવે એવા વર્તમાન યુગના આવિષ્કારો અચરજકારી નીવડ્યા, પરંતુ માણસ જેમ જેમ 'કાર્યવહન' કરતો ગયો તેમ તેમ 'કાર્યવજન'માં પણ વધતો ગયો. જેની વાત જણાવતાં અમેરિકાના પ્રસિદ્ધ લેખક અને ભવિષ્યકાર એલ્વિન ટોફલર પોતાના પુસ્તક 'The Third wave'માં લખે છે કે, 'જ્યારે ૧૭મી સદીમાં માણસ કૃષિ ક્રાંતિથી ઔદ્યોગિક ક્રાંતિમાં આવ્યો ત્યારે તેને થયું કે હવે પશુબળ અને બાહુબળ કરતાં આ યંત્રબળને લઈને આપણને હવે ઘણી રાહત થશે. ચાંપ દબાવીશું એટલે સપાટાબંધ બધું કામ થઈ જશે અને શાંતિ મળશે, પણ ધાર્યા કરતાં પરિણામ કંઈક જુદું જ આવ્યું; મશીનની ઝડપ સાથે માણસ પણ દોડવા લાગ્યો. પરિણામે આ ક્રાંતિના મોજામાં અજંપો અને અશાંતિથી તેનો માનસિક ભાર વધવા લાગ્યો.'

આજે માણસ સમૃદ્ધ અને સુવિધાયુક્ત બન્યો છે પણ સુખી નહીં. બ્રિટિશ લેખક ઓલિવર જેઈમ્સને વિચાર આવ્યો કે, 'આજે લોકો ધનિક તો થયા છે, પણ તેની સાથે સુખી થયા છે?' આ માટે તેણે બ્રિટન, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, શાંઘાઈ, મોસ્કો, કોપનહેગન અને ન્યૂયોર્ક જેવાં સ્થળોની મુલાકાત લીધી અને ૩૯,૦૦૦ લોકોનો સંપર્ક કરીને એક સર્વેક્ષણ હાથ ધર્યું. પરિણામ એ આવ્યું કે, 'આજે માણસ ધનવાન થયો છે, પણ સાથે સાથે આજે તે પહેલાં કરતાં ૧૦૦ ગણો વધુ ટેન્શનમાં રહે છે. વળી, આજે તેના માટે ડિપ્રેશનમાં સરકી જવાની શક્યતાઓ પણ વધી ગઈ છે.'

સંસ્કૃતમાં એક ઉક્તિ છે કે, 'યથા ખરશ્ચન્દનભારવાહી ભારસ્ય વેત્તા ન તુ ચન્દનસ્ય'- ગધેડા ઉપર ચંદન લાદ્યું હોય કે કાંકરાની કોથળી, તેને તો કેવળ ભાર જ લાગે છે. આ વાતને માણસ સાથે સરખાવતાં પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી નાનીપાલખીવાળા કહેતા કે, 'Nowadays, somehow man acts like a donkey, he doesn't know what he carries.'

સામાન્ય માણસની આ હાલત છે, પરંતુ માણસની જેમ જ જીવનારા મહાપુરુષોની વાત કંઈક જુદી જ હોય છે. ભગવદ્ગીતા એમને 'સ્થિતપ્રજ્ઞ' પુરુષ કહે છે-

વિશ્વની અજાયબી તુલ્ય દિલ્હીસ્થિત અક્ષરધામનું બાંધકામ પૂરવેગમાં ચાલી રહ્યું હતું. ચારેય બાજુ ઘડિત-અઘડિત પથ્થરો ખડકાયેલા. કોઈ પણ મુરબ્બીનું મન મૂંઝાઈ જાય એવું આ સંકુલનું દૃશ્ય જોતાં એક સંતે પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું કે, 'આ સ્થિતિમાં આખું સંકુલ કદાચ કોઈને ભેટ આપી દઈએ તો એને હાર્ટ એટેક જ આવી જાય, જ્યારે આપ સંપૂર્ણપણે નિશ્ચિંત છો!'

પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે, 'બહાર આટલા બધા પથ્થરો પડ્યા છે પણ મારા હૃદય ઉપર એક કાંકરી સરખો પણ ભાર નથી.' અને પછી તેઓએ ઉમેર્યું કે, 'બધે જ ભગવાનની શક્તિ કામ કરે છે.'

વિશ્વશાંતિ પરિષદમાં જેમની સામાજિક પ્રવૃત્તિઓ વખાણાતી હોય, તેમના મન ઉપર પ્રવૃત્તિઓનો કોઈ બોજો જ નહીં!

યુગપુરુષોની આ જ વિશેષતા હોય છે કે, તેઓ ૧૦૦% કાર્યભાર સંભાળવા છતાં કાર્યનો ભાર ૦% રાખી શકે છે. જેનું રહસ્ય સમજાવતાં સ્વામીશ્રીએ સેન્ટ જેમ્સ પેલેસમાં શ્રી પ્રિન્સ ચાર્લ્સને કહેલું કે, 'માથે ઉપાડેલો પાણીનો ઘડો થોડા સમય પછી ભારરૂપ લાગે છે, પરંતુ સમુદ્રમાં ડૂબકી મારીએ તો માથા ઉપરથી લાખો ટન પાણી પસાર થઈ જાય છે, તેમ છતાં ભારરૂપ નથી લાગતું.' કહેતાં- જો તમે એમ માનશો કે આ હું કરું છું તો તમને તેનું ભારણ લાગશે પણ જો તમે એમ માનશો કે આપણા દ્વારા થતું પ્રત્યેક કાર્ય ભગવાનની ઈચ્છાથી જ થાય છે તો તમને કોઈ પણ પ્રકારનું ભારણ અનુભવાશે નહીં.

ટૂંકમાં, ભગવાનકેન્દ્રી લોકો જ સુખી અને હળવા રહે છે. આજનું વિજ્ઞાન પણ આ વાતની પુષ્ટિ કરે છે.

૧૯૯૯માં અમેરિકાની ડ્યુક યુનિવર્સિટીએ પણ આવું જ એક સર્વેક્ષણ કર્યું. ૪૦૦૦ વ્યક્તિઓ ઉપર હાથ ધરાયેલા આ સર્વેક્ષણનું તારણ પણ ઉપરોક્ત દિશામાં જ આવ્યું હતું કે, મંદિરોમાં જવાથી માણસને ડિપ્રેશન અને ઉદ્વેગ ઓછાં થાય છે.

ટૂંકમાં, અધ્યાત્મના માર્ગે ચાલનારા લોકો અનેક પ્રવૃત્તિઓના ઝંઝાવાતોની વચ્ચે પણ ટેન્શન, સ્ટ્રેસ અને ડિપ્રેશનથી અળગા રહે છે. તો આપણે પણ શું કામ એ માર્ગે ન ચાલીએ?

મંડવું તો પડશે જ...

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી



એક વાર ન્યૂઝપેપરમાં એ સમયના ઓલિમ્પિક રેકોર્ડ જોઇ લકવાગ્રસ્ત બાળકે જિજ્ઞાસાવશ માતાને પૂછ્યું, 'માતા, હું આ ન કરી શકું?' આ સાંભળી માતા રડવા લાગી. તે જોઈ બાળકે દૃઢતા સાથે જણાવ્યું કે, મારે કરવું જ છે અને હું કરીશ જ...

વિશ્વફલક પર વિભિન્ન ક્ષેત્રોમાં પોતાનું કાઠું કાઢી રહેલા નરબંકાઓને જોઈને એક વિચાર ઉદ્દભવે કે કોઈ લકવાગ્રસ્ત, અંધ કે મગજ બંધ પડી ગયું હોય તેવી વ્યક્તિ શું આ સંસારમાં પોતાનાં પદચિહ્નો અંકિત કરી શકે ખરો? પ્રત્યુત્તરની અપેક્ષા રાખવી કદાચ અયોગ્ય ગણાશે.

દારૂના પ્યાલામાં જીવનનો આનંદ ગણતા અને માણતા એક ૨૦ વર્ષના યુવાનને નાની ઉંમરમાં ALS નામનો રોગ થયો. જેમાં ચેતાતંત્ર સંપૂર્ણ નષ્ટ થઈ ગયું. શરીર પરનો કાબૂ સંપૂર્ણતઃ ગુમાવી બેઠો. હરતોફરતો યુવાન વ્હીલચેરના શરણે જતો રહ્યો. અન્નનળી અને શ્વાસનળી પણ બંધ થઈ.

તે ફૂટડો યુવાન મૃત્યુ અને જીવન વચ્ચે ઝોલાં ખાવા લાગ્યો. બચવાની શક્યતાઓ નહીંવત્ હોવા છતાં તે બચી ગયો. પણ હાલત મૃત્યુ કરતાં પણ ખરાબ. કાળની કપરી થપાટ ખાધા પછી આવી પરિસ્થિતિમાં તેને જીવનમાં કંઈક નવું કરવાનો ઉત્સાહ જાગ્યો. તે પણ પોતાના શરીરના પ્રત્યેક અંગે કામ કરવાનું બંધ કર્યું ત્યારે પરંતુ પરિસ્થિતિને આધીન થયા વિના, ડર્યા કે ડગ્યા વગર મંડી પડ્યો અને કેવળ પોતાના વિચારના બળે આ વિશ્વને બિગબેંગ અને બ્લેકહોલ જેવી જટિલ થિયરી ભેટ આપી. નામ છે સ્ટીફન હોકિંગ.

આપણા જીવનમાં ઘણી વસ્તુ એવી હોય છે કે જે આપણે અનેક વખત વાંચી, સાંભળી કે જોઈ હશે પણ ક્યારેય તેને સમજવાનો પ્રયત્ન જ નથી કર્યો, પરંતુ જ્યારે સમજવાનો પ્રયત્ન કરીએ ત્યારે જણાય કે દુનિયામાં બનતા પ્રત્યેક પ્રસંગ, ક્ષણમાંથી પવિત્ર પ્રેરણાઓ પ્રાપ્ત થતી હોય છે.

૯ વર્ષની ઉંમરે લકવો થયેલા એક બાળકને ડૉક્ટરે જણાવ્યું કે, તે આજીવન ક્યારેય પણ ચાલી નહીં શકે. એક વાર ન્યૂઝપેપરમાં એ સમયના ઓલિમ્પિક રેકોર્ડ જોયા. તેથી જિજ્ઞાસાવશ માતાને પૂછ્યું, 'માતા, હું આ ન કરી શકું?' આ સાંભળી માતા રડવા લાગી અને નકારમાં માથું હલાવ્યું. તે જોઈ બાળકે દૃઢતા સાથે જણાવ્યું કે, મારે કરવું જ છે અને હું કરીશ જ. એટલું બોલતાં તે વ્હીલચેર પરથી ઊભો થવા લાગ્યો અને જમીન પર પછડાયો. તેનું શરીર લકવાગ્રસ્ત હતું, પણ મન નહીં. અતિ ઉત્સાહ અને દૃઢતા સાથે તે મંડ્યો. સહુનાં આશ્ચર્ય વચ્ચે ૧૯૭૬ના ૧૫મા મોન્ટ્રીયલ ઓલિમ્પિકમાં લાંબી કૂદમાં ૨.૪ મીટરનો કૂદકો લગાવી વોલ્ટર ડેવિસ નામના આ બાળકે ગોલ્ડમેડલ પોતાના નામે કર્યો.

સાંપ્રત સમયે યુવાપેઢીએ જિમમાં જઈને શરીર ખૂબ મજબૂત બનાવ્યાં પણ મન લકવાગ્રસ્ત. સ્વપ્ન જોવાં એ સારી બાબત છે પણ સ્વપ્નને પૂર્ણ કરવા માટે સંકલ્પવૃક્ષના મૂળમાં પુરુષાર્થ રૂપી પાણીનું સિંચન કરવું પડે છે. સામાન્ય કાર્ય તો આ ધરા પર વસતો પ્રત્યેક માણસ કરે છે. પણ દુનિયાથી જે કંઈક અલગ કરી બતાવે છે, તેનાં જ નામ ઝળહળે છે. કંઈક અલગ બનવા માટે કંઈક અલગ કરવું પડે છે. મારી પાસે સાયકલ નથી, બાઈક નથી, વાંચવા માટે રૂમ નથી, શરીર સાથ નથી આપતું, માથું દુખે છે કે બીમાર છું જેવા તુચ્છ પ્રશ્નોને ઉત્સાહ અને પુરુષાર્થની ધગધગતી આગમાં હોમીને જે વ્યક્તિ મંડી પડે છે તેના માટે વિશ્વનો ઇતિહાસ તેમનું નામ સુવર્ણ અક્ષરે લખવા માટે પ્રતીક્ષિત રહે છે.

ચાલશો તો મંઝિલના રસ્તા મળી જશે
વિચારશો તો બધી વાતનું કારણ મળી જશે
લાયક થવા તો પ્રયત્ન જ કરવા રહ્યા બાકી
ઉંમરલાયક તો બાંકડે બેઠા બેઠા પણ થઈ જવાશે.

ખરેખર કંઈક પામવા માટે કંઈક કરવું જ પડશે, જે વ્યક્તિને પરિવાર, સમાજ, રાષ્ટ્ર કે વિશ્વ માટે કંઈક કરવું છે તેને દૈહિક કે લૌકિક બંધન ક્યારેય નડતાં નથી. બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના વર્તમાન આધ્યાત્મિક ગુરુ પૂજ્ય મહંતસ્વામી મહારાજ ૯૧ વર્ષની જૈફ વયે ગુરુસંકલ્પને સાકાર કરવા માટે અતિશય દાખડો કરી રહ્યા છે. ટૂંક સમય પહેલાં રોબિન્સવિલેમાં વિશ્વના સૌથી મોટા જીવંત મંદિરની પ્રતિષ્ઠા કરી વિશ્વને એક સનાતન ધર્મની ઉત્કૃષ્ટ ધરોહર ભેટ ધરી. જેના દ્વારા પાશ્ચાત્ય જગતમાં યાવતચંદ્રદીવાકરૌ હિન્દુ સનાતન સંસ્કૃતિનાં ગુણગાન ગવાતાં રહેશે. એટલું જ નહીં એક મહિના પહેલાં પૃથ્વી પર આશ્ચર્યસમાન અબુધાબીમાં પરંપરાગત હિન્દુ મંદિરનું સર્જન કરી સહિષ્ણુતાનો સર્વોત્કૃષ્ટ સંદેશો વિશ્વ સમક્ષ ધર્યો છે.

આ મહાપુરુષો તેમના જીવનમાં કંઈક નવું કરી શક્યા તો આપણે કેમ નહીં? આવો, આપણે પણ દેહની પરવા કર્યા વિના આપણા જીવનના માનેલા કંટકોને ખંખેરીને જીવનપથ પર મંડ્યા રહીએ.

મીઠાં ફળનું ઝાડ

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી



આજના ઝડપી જમાનામાં આપણને ધીરજ રાખવી કઠણ પડે છે, કારણ કે લગભગ દરેક વસ્તુ તાત્કાલિક મળે છે તેથી આપણી માનસિકતા પણ એવી જ રીતે ઘડાઈ ચૂકી છે. છતાં વાસ્તવિક્તા તો એ છે કે અમુક વસ્તુમાં તો આપણે ધીરજ રાખવી જ પડે

નેપોલિયન હિલ નામના લેખકે પ્રસિદ્ધ પુસ્તક 'Think and Grow Rich'માં એક પ્રસંગનો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે, 'આર.યુ.ડર્બી નામની વ્યક્તિએ એક જગ્યાએ થોડું ખોદતાં તેને સુવર્ણનાં ચિહ્નો દેખાયાં. વધુ ખોદકામ કરવા માટે તેને અદ્યતન મશીનરીની જરૂર જણાઈ. તેણે પોતાનાં સગાંસ્નેહીઓ પાસેથી ઉછીના ડૉલર ભેગા કર્યા અને મશીનો ખરીદ્યાં. ત્યારપછી તેણે આ મશીનરી દ્વારા ખોદકામ શરૂ કર્યું, પરંતુ તેને કોઈ પ્રકારનાં સુવર્ણ ચિહ્નો દેખાયાં નહીં. તે અત્યંત નિરાશ થઈ ગયો. તેણે ખોદકામ બંધ કરી બધી મશીનરી નજીવી કિંમતે એક સામાન્ય વ્યક્તિને વેચી દીધી. આ સામાન્ય વ્યક્તિએ ખાણનિષ્ણાત એન્જિનિયરને બોલાવી તપાસ કરાવી. એન્જિનિયરે કહ્યું કે,'જ્યાં સુધી ખોદ્યું છે તેનાથી ત્રણ ફૂટ નીચે જ સુવર્ણ છે.' પેલા માણસે ખોદકામ કરાવી અપાર સુવર્ણ મેળવ્યું અને તે સામાન્યમાંથી કરોડપતિ બની ગયો. જ્યારે બીજી બાજુ આર.યુ.ડર્બીને પોતે કરેલું દેવું ચૂકવતાં વર્ષો નીકળી ગયાં.

ડર્બી સુવર્ણથી વંચિત રહ્યો. એનું એકમાત્ર કારણ હતું- ધીરજનો અભાવ. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહેતાં કે, 'પ્રયત્ન કરવા છતાં પરિણામ ન જણાય તો પણ જરાય ધીરજ ન ગુમાવવી. આપણા પ્રયત્નો ચાલુ જ રાખવા. એક સમયે પુરુષાર્થનું ફળ જરૂર મળશે જ. માટે ક્યારેય અધીરા બની પ્રયત્ન મૂકવો નહીં.'

ખરેખર ઈતિહાસ સાક્ષી પૂરે છે, જે વ્યક્તિઓએ પોતાના જીવનમાં ધીરજ નથી ગુમાવી, તેઓ કંઈક પામ્યા છે.

વિશ્વવિખ્યાત હેનીર કોલિન્સ નામના ઉદ્યોગપતિને કોઈકે પ્રશ્ન પૂછ્યો કે, 'કોઈક ગ્રાહકને તમારી પ્રોડક્ટ વેચવા માટે તમે તે ગ્રાહકની કેટલીક વખત મુલાકાત લો છો?' હેનીર કૉલિન્સે આ પ્રશ્નનો જવાબ વાળતાં કહ્યું કે, 'એ તો અમારા બેમાંથી કોનું અવસાન વહેલું થઈ જાય છે તેના પર આધાર!' વાસ્તવિકતામાં આ વાક્ય તેઓમાં રહેલી ધીરજની ગવાહી પૂરે છે. પુસ્તકનાં પન્નાઓમાં એવું નોંધાયું છે કે કૉલિન્સે એક જ ઑર્ડર મેળવવા માટે એક જ વ્યક્તિની એક જ વર્ષમાં ૧૩૦ મુલાકાત લીધી હતી.

ટૂંકમાં, આપણા વડવાઓ આપણને શીખવી ગયા છે કે, ધીરજનાં ફળ મીઠાં.

આર.યુ.ડર્બીએ ધીરજ ગુમાવી દીધી તેથી તે મીઠાં ફળનો આસ્વાદ ન પામી શક્યો, જ્યારે કૉલિન્સે ધીરજ જાળવી રાખવા માટે તે મીઠાં ફળને પામી શક્યા. આ તો કેવળ પ્રતિનિધિ રૂપે આપણે પ્રસંગ જોયા પણ વિશ્વના ઈતિહાસનાં પન્નાઓમાં જેમનું નામ આજે સુવર્ણ અક્ષરે લખાયું છે, તેવા અનેક મહાનુભવોનાં જીવનમાં આ ધીરજનો ગુણ ઊડીને આંખે વળગે એવો છે.

કેવળ ઔદ્યોગિક ક્ષેત્રે જ નહીં પણ પારિવારિક જીવનમાં પણ ધીરજ મીઠાં ફળનું પ્રદાન કરે છે.

એફ.એલ.લ્યૂક્સ નામના એક લેખકે એક સુંદર કથા લખી છે. ચીનમાં એક જમાનામાં એક એવું કુટુંબ વસતું હતું કે જેની નવ-નવ પેઢીઓ એક સાથે એક જ છતની નીચે રહેતી હતી. ધીમે ધીમે આ પરિવારની ખ્યાતિ ફેલાતી ફેલાતી શહેનશાહ સુધી પહોંચી. શહેનશાહે એક કાસદને આ પરિવારે અનુસરેલા પાયાના સિદ્ધાંતોને જાણી લાવવા આ પરિવારના સભ્યોને મળવા મોકલ્યો. કાસદે આ પરિવારના ૩ વડદાદાઓને શહેનશાહનો સંદેશો પહોંચાડ્યો. વડદાદાઓએ એક લાંબા કાગળ પર પીંછી લઈને ચીની ચિત્રલિપિમાં લખવું શરૂ કર્યું. લાંબું લખાણ કર્યા પછી તેઓએ એ કાગળ શાહીદૂતને સુપરત કર્યો. કાસદે કાગળ શહેનશાહને આપ્યો. શહેનશાહે જ્યારે એ પત્ર-ફીંડલું ખોલ્યું ત્યારે તેના આશ્ચર્ય વચ્ચે કેવળ એક જ ચિત્ર-પ્રતીક એક-સો વાર આલેખાયેલું નિહાળ્યું. આ ચિત્ર-પ્રતીક હતું- 'ધીરજ' શબ્દનું.

આજના ઝડપી જમાનામાં આપણને ધીરજ રાખવી કઠણ પડે છે, કારણ કે લગભગ દરેક વસ્તુ તાત્કાલિક મળે છે તેથી આપણી માનસિકતા પણ એવી જ રીતે ઘડાઈ ચૂકી છે. છતાં વાસ્તવિક્તા તો એ છે કે અમુક વસ્તુમાં તો આપણે ધીરજ રાખવી જ પડે.

ખાસ કરીને જ્યારે આપણે આપણાં સંતાનો કે જીવનસંગાથીમાં અમુક પ્રકારનાં પરિવર્તનો લાવવા માટે પ્રયત્નશીલ હોઈએ, પરંતુ ઉતાવળે આંબા ન પાકે. આવી પરિસ્થિતિમાં તો ધીરજ રાખ્યા વગર છૂટકો જ નથી. એક સાથે વધુ પડતો આગ્રહ કરવાથી ક્યારેક સામેવાળી વ્યક્તિ ઉશ્કેરાઈ જાય છે અને વાત વણસી જાય છે. એની સામે ધીરજ રાખનારને થોડી રાહ અવશ્ય જોવી પડે પણ અંતે તે સુખદ પરિણામ ભોગવે છે.

નેતાઓને સર્જનારું નેતૃત્વ

એ જરૂરી નથી કે નેતા પોતે સીમાંત રેખા ઓળંગવામાં પ્રથમ રહે. હકીકતે નેતા એ છે કે જે પોતાના બધા અનુયાયીઓ સીમાંત રેખા ઓળંગી જાય એવા તૈયાર કરે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

સામાન્ય રીતે દરેક સંસ્થામાં ઉપલા સ્તરે વ્યક્તિઓ વધુ ઝડપથી કાર્ય કરનારી જોવા મળે છે. જેમ જેમ નીચલા સ્તર તરફ જાઓ તેમ તેમ કર્મચારીઓની નિર્ણયશક્તિ અને કાર્યશક્તિ ઓછી અને ધીમી જોવા મળે છે. તેનું કારણ આ સ્તરની વ્યક્તિઓમાં રહેલી જ્ઞાન અને અનુભવની ઉણપ છે. ઉપલા સ્તરે કાર્યરત વ્યક્તિઓ બહોળો અનુભવ અને વિપુલ જાણકારી ધરાવતી હોવાથી તેઓ કાર્ય કરવામાં ઝડપી જોવા મળે છે.

તેથી જ The 360 Leader પુસ્તકમાં કહેવાયું છે કે, 'Most people who want to lead are naturally fast. But if you want to become a better leader, you actually need to slow down. you can move faster alone. You can garner more individual honours alone. But to lead others, you need to slow down enough to connect with them, engage with them and take them with you.'

આ વિધાનનો ભાવાર્થ એ છે કે જેઓ નેતૃત્વ પૂરું પાડે છે તેઓ સ્વાભાવિક રીતે જ ઝડપી હોય છે. પરંતુ જો તમે સારા નેતા બનવા માંગતા હો તો હકીકતે તમારે ધીરા પડવું જોઈશે. તમે એકલા ઝડપથી આગળ વધી શકો છો. તમે વ્યક્તિગત રીતે વધુ આદરમાન મેળવી શકો છો. પરંતુ જો બીજાને દોરવા હોય તો તેઓ તમારી સાથે સંલગ્ન થઈ શકે એ રીતે તમારે ધીરા પડવું જોઈશે.

જેમ કોઈ શિક્ષક સ્વતંત્રપણે તો મોટા આંકડાઓની ગણતરી માંડી શકે, પણ જો તેણે પ્રથમ ધોરણના વિદ્યાર્થીને આગળ વધારવો હશે તો તે બાળકને એકડો ઘૂંટાડવા જેટલા ધીરા પડવું જોઈશે. આ બાબત કોઈપણ મેનેજર કે નેતા માટે કઠણ સાબિત થાય એમ છે, કારણકે ધીરા પડવાની પ્રક્રિયા શ્રદ્ધા, ધીરજ, સમયનું સમર્પણ વગેરે ગુણોની અપેક્ષા રાખે છે. તે પોતાનો કાર્યભાર જોતાં કોઈપણ નેતા માટે અઘરું પડી જાય. પરંતુ જે શાણો નેતા છે તે અનુયાયીઓ નહીં, પણ નેતા સર્જનારો હોય છે. તેથી તે પોતાની ગતિને મંદ કરી પોતાના અનુયાયીઓને તૈયાર કરે છે.

સન ૧૯૬૮ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજ લીંબડી ગામે પધાર્યા હતા. અહીં તેઓ મંદિરના સભાગૃહમાં પ્રવચન કરતા એક સંતની કથા સાંભળવા બેઠા. આ સમયે હરિપ્રકાશદાસ નામનાસાધુ રસોડામાં જઈ રસોઈ તૈયાર કરવામાં પ્રવૃત્ત થયા. પરંતુ ભક્તોની ઈચ્છા માલપૂડા બનાવવાની હતી. તે માટે તૈયાર કરવાનું ખીરું બરાબર થતું ન હોવાથી આ સંત મૂંઝવણમાં મૂકાયા. આ જ સમયે સભામંડપમાંથી રસોડામાં પ્રવેશેલા પ્રમુખસ્વામી મહારાજ પળવારમાં પરિસ્થિતિ પારખી ગયા. તેથી તેઓએ રસોઈ કરનારા સંતની નજીક જઈ કહ્યું: 'લાવો, હું શીખવાડું.' આમ કહેતાં માલપૂડા બનાવવા બેસી ગયેલા પ્રમુખસ્વામી મહારાજે ખીરું માપસર કર્યું. વળી, માલપૂડા તળવા માટે ઘી પણ યોગ્ય માત્રામાં લીધું. ચૂલાનો તાપ પણ માફકસરનો કર્યો અને માલપૂડા બનાવવા લાગ્યા. તેની સાથે પેલા સંતને પણ શીખવતા ગયા. પા-એક કલાક ચાલેલી આ પ્રક્રિયા બાદ આ સંતને ફાવટ આવી જતાં માલપૂડા બનાવવાનું તેઓને સોંપી પ્રમુખસ્વામી મહારાજ પુનઃ સભાગૃહમાં આવી કથા કરવા લાગ્યા.

અહીં જોઈ શકાય છે કે અન્યને તૈયાર કરવા સ્વામીશ્રી સ્વયં ધીરા પડ્યા. અનેકવિધ જવાબદારીભરી પ્રવૃત્તિઓનો કાર્યભાર સંભાળવા છતાં તેઓ રસોઈ બનાવવા જેવી ક્રિયામાં પણ પ્રવૃત્ત થઈ શક્યા. તેઓના જીવનમાં આવા તો કંઈક પ્રસંગો બન્યા છે કે જેમાં તેઓએ માટલું વીંછળવાથી માંડીને બાળકોને એકડો ઘૂંટાડવા સુધીની ક્રિયામાં રસ લીધો હોય.

મેનેજમેન્ટના વિદ્વાન શ્રી જોન મેક્સવેલ કહે છે કે, 'Leaders are not necessarily the first to cross the finish line. Leaders are the first to bring all of their people across the finish line.' એ જરૂરી નથી કે નેતા પોતે સીમાંત રેખા ઓળંગવામાં પ્રથમ રહે. હકીકતે નેતા એ છે કે જે પોતાના બધા અનુયાયીઓ સીમાંત રેખા ઓળંગી જાય એવા તૈયાર કરે.

આ પદ્ધતિથી કાર્ય કરનારા હતા પ્રમુખસ્વામી મહારાજ. તેથી તેઓ પોતાના સંતવૃંદમાં અવ્વલ દરજ્જાના સ્થપતિઓ, ઉત્તમ કક્ષાના વિદ્વાનો, શ્રેષ્ઠ પાકશાસ્ત્રીઓ, નિષ્ણાત કથાકારો વગેરે સર્જી શક્યા. અન્યના કળા-કૌશલ્યને ખીલવનારું તેઓનું આ મેનેજમેન્ટ સૌ માટે જેટલું મનનીય છે એટલું જ અનુસરણીય પણ ખરું.

અનુભવ સ્વપ્રયોગથી

અત્યાર સુધીમાં પ્રાર્થના પર ઘણું લખાયું છે, ઘણું લખાતું રહેશે, પરંતુ જાતઅનુભવની વાત જુદી. માટે આપણે પણ ભગવાનનું નિત્ય સ્મરણ કરી તેઓને પ્રાર્થના કરતા રહીએ

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ રિચર્ડ નિક્સને અમેરિકાના દરેક નાગરિકને પ્રાર્થના માટેની આહલેક જગાવી કે, 'આપણે સૌ બીજું તો કશું ન કરી શકીએ પણ અવકાશમાં ગયેલા ત્રણે યાત્રીઓ માટે ઘૂંટણિયે પડીને ભગવાનને પ્રાર્થના કરીએ.'

કારણ હતું, અપોલો-૧૩ અવકાશયાનની ચમત્કારિક રક્ષાની. તા.૧૧-૪-૧૯૭૦ના રોજ અમેરિકાની ધરતી પરથી વિદાય લઈને અપોલો-૧૩ યાન આશરે ૩,૦૦, ૦૦૦ કિમી. દૂર પહોંચી ગયું હતું, પરંતુ એટલે દૂર પહોંચ્યા પછી એવી કંઈક યાંત્રિક ખામી સર્જાઈ કે જેનો કોઈ ઈલાજ નહોતો. અપોલો યાન અને તેમાં બેઠેલા અવકાશયાત્રીઓનો વિનાશ નિશ્ચિત હતો. જ્યારે ધુરંધર વિજ્ઞાનીઓ પણ લાચાર બન્યા હતા.

નિક્સનની વિનંતીથી સૌ અમેરિકનો પ્રાર્થનામાં જોડાયા અને આ સમૂહપ્રાર્થનાએ ચમત્કાર આણ્યો. અવકાશયાન સહીસલામત રીતે પૃથ્વી પર અવતરી ગયું અને ત્રણ અવકાશયાત્રીઓની અકલ્પનીય રક્ષા થઈ. આ મિશનના અલાર્મ સિસ્ટમ એન્જિનિયર જેરી વુડફિલે 'What really happened to apollo 13' નામના પોતાના લેખમાં સ્વીકાર કર્યો કે મિશનનો બચાવ કેવળ પ્રાર્થનાથી જ થયો છે.

આવા કંઈક ચમત્કારો દ્વારા પ્રાર્થનાનો પ્રભાવ વિશ્વના કરોડો લોકોએ અનુભવ્યો છે. જેમાં માત્ર વિજ્ઞાનની દૃષ્ટિએ જ વિશ્વને જોતાં માનવીઓએ પણ જીવનની કપરી વેળાઓમાં પ્રાર્થનાની શક્તિનો અનુભવ કર્યો છે. એકાદ વર્ષ પૂર્વે આવેલા કોવિડ-૧૯ના ભયાનક પેન્ડેમિકમાં પણ લાખો લોકોએ પ્રાર્થનાના પ્રભાવનો અનુભવ કર્યો છે. આ વિષય પર સંશોધન કરનારાં કોપનહેગન યુનિવર્સિટીનાં વિદુષી જિનેટ સિન્ડિંગ બેન્સને નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનના પોર્ટલ પર 'In Crisis, we pray: Religiosity and the covid-19 pandemic' નામના લેખમાં નોંધ્યું છે કે, 'કટોકટીના સમયમાં મનુષ્યો ધર્મ કે અધ્યાત્મ તરફ વળે છે એ સ્વાભાવિક છે. કોવિડ-૧૯ની મહામારી પણ કોઈ અપવાદ નથી. ૧૦૭ દેશોના ગૂગલ સર્ચના ડેટા સૂચવે છે કે કોવિડના સમયમાં પ્રાર્થના વિશેનાં સંશોધનોમાં જબરદસ્ત ઉછાળો આવ્યો હતો.'

+ વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

જોકે, પશ્ચિમના આરોગ્ય વિજ્ઞાનીઓ આ સદીમાં જે વાતો કરી રહ્યા છે, તે વાતો ભારતમાં સદીઓ પૂર્વેથી અનુભવમાં પંકાયેલી છે. માનવજાતિના પ્રાચીન દસ્તાવેજસમો ઋગ્વેદ જગતની સર્વશ્રેષ્ઠ પ્રાર્થનાઓથી છલકાય છે. ગાયત્રી મંત્ર કે વૈદિક શાંતિપાઠ જેવી એ ચિરંતન પ્રાર્થનાઓ છેલ્લાં ૧૦ હજાર કરતાં વધુ વર્ષોથી ગવાઈ રહી છે. માત્ર વેદો નહીં, ૧૮ પુરાણો પણ પ્રાર્થનાઓનો મહાસંચય છે. તેમાં રંતિદેવ રાજા, પ્રહલાદ કે ધ્રુવજીએ કરેલી પ્રાર્થનાઓ પરિશુદ્ધ હૃદયમાંથી ફૂટેલી સરવાણી છે.

જોકે, પ્રશ્ન એ છે કે ભારતીયોની નવી પેઢીને આ પૈકી કેટલી પ્રાર્થનાઓનો ખ્યાલ હશે? ભારતમાં શાળા-કૉલેજોમાં પ્રારંભે થતી પ્રાર્થનાઓ પણ હવે શિથિલ થતી જાય છે. આપણી કૉલેજિયન પેઢીને અદાકારોમાં જેટલો રસ છે તેટલો પરમાત્મા કે પ્રાર્થનામાં નથી રહ્યો. ઘરોમાં ગૃહિણીઓના કંઠે સવાર-સાંજ થતી પ્રાર્થનાઓનાં સ્વરો અને દૃશ્યો પણ યુટ્યૂબ યુગમાં દુર્લભ બનતાં જાય છે.

આવી વિપરીતતાઓની વચ્ચે આપણા સંતપુરુષોએ પોતાના જીવનપ્રસંગો દ્વારા પ્રાર્થનાની મહત્તા સુપેરે સમજાવી છે.

સન ૧૯૮૫માં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં આદિગુરુ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ અમદાવાદના આંગણે ભવ્યતાથી ઉજવાશે એવી જાહેરાત ગુજરાતભરમાં થઈ ચૂકી હતી. આ મહોત્સવમાં લાખો માણસો આવવાના હતા, પરંતુ પ્રશ્ન એ હતો કે વરસાદ ખેંચાવાને કારણે પાણીની ભયંકર ખેંચ ઊભી થઈ હતી. વરસાદ ન પડે તો ઉત્સવ કરવો કે નહીં? એ બહુ મોટી દ્વિધા સૌનાં અંતરને કોતરતી હતી. સમાજના પ્રતિષ્ઠિત માણસોની સલાહ તો એવી જ હતી કે ઉત્સવ ન જ કરવો, પરંતુ ભગવાનમાં અતૂટ શ્રદ્ધા ધરાવનાર સ્વામીશ્રીએ વિશ્વાસથી સંતોને કહ્યું કે, 'અમે રોજ ભગવાનને પ્રાર્થના કરીએ છીએ, વરસાદ પડશે.' અને સૌનાં આશ્ચર્ય વચ્ચે ભાદરવા મહિનાના અંતિમ દિવસોમાં ભરપૂર વરસાદ પડ્યો, પાણીની તંગી દૂર થઈ ગઈ, ૫૯ દિવસનો મહોત્સવ ધામધૂમથી ઉજવાયો અને કરોડો લોકોએ તેનો લાભ લીધો. સૌએ અનુભવ્યું કે સાચા સંતની પ્રાર્થના અને શ્રદ્ધાનો જ આ ચમત્કાર છે.

અત્યાર સુધીમાં પ્રાર્થના પર ઘણું લખાયું છે, ઘણું લખાતું રહેશે, પરંતુ જાતઅનુભવની વાત જુદી. માટે આપણે પણ ભગવાનનું નિત્ય સ્મરણ કરી તેઓને પ્રાર્થના કરતા રહીએ, કારણ કે વિપરીતતાઓ જ્યારે માણસને બધી બાજુથી ઘેરી વળે છે ત્યારે પ્રાર્થના જ માણસને દીપક બનીને તેને સાચી દિશા બતાવે છે. આવો, પ્રાર્થનાની શક્તિનો આપણે પણ અનુભવ કરીએ સ્વપ્રયોગથી...